**સુવિચાર**
મોબાઈલ યુગમાં ઘણી વખત એ નથી સમજાતું કે ઈન્ટરનેટ ફ્રી છે કે પછી આપણે ?
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૪/૦૪/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com
સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર
# અમરેલી એક્સપ્રેસ
amreli express
અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.
તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ ચૈત્ર વદ-૧૧ વર્ષ : ૧૬ અંક : ૧૧૩

SINCE 1999
હરિૐ
PENDAWALA
નેચરલ શિખંડ/મઠો
કેસર અંજીર મલાઈ
કસ્તૂરી શિખંડ
ન્યુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૬,અમરેલી,મો.8999990099

## મુંબઈથી એવીએશન ડીપાર્ટમેન્ટની ટીમ આવી પહોંચી

# અમરેલીમાં વિમાન અકસ્માતની ઘટનાની તપાસ શરૂ

**ક્રેશ થયેલ વિમાનમાંથી બ્લેક બોક્ષ, જરૂરી કાગળો, પાર્ટસ સહિતની ચીજવસ્તુઓ એકત્ર કરાઈ**

**તપાસનીશ ટીમે સત્તાવાર રીતે કામગીરીની કોઈ વિગતો જાહેર કરી નથી**

**સ્થાનિકોને રૂબરૂ મળીને સમગ્ર ઘટનાક્રમ જાણવાનો કર્યો પ્રયાસ**

**સમગ્ર બનાવનો રીપોર્ટ ન આવે ત્યાં સુધી ટ્રેનિંગની કામગીરી બંધ રાખવામાં આવશે**





અમરેલી, તા. ૨૩
અમરેલી ખાતે ગઈકાલે એરપોર્ટ ઉપર ઉડયનની તાલીમ લેતા તાલીમ લઈ રહેલ એક આશાસ્પદ ટ્રેઈની પાયલોટનું મૃત્યુ નિપજવાનાં બનાવની તપાસ કરવા માટે મુંબઈથી એવીએશન ડિપાર્ટમેન્ટની ટીમ ગઈકાલે રાત્રીના સમયે અમરેલી આવી પહોંચી હતી અને રાત્રીના સમયે સ્થાનિક પોલીસ સાથે ઘટના સ્થળે જઈ અને નિયમાનુસાર તપાસ હાથ ધરી હતી અને સ્થાનિક રહીશો પાસેથી એવીએશન ટીમે માહિતી મેળવી હતી અને ક્રેશ થયેલા પ્લેનમાંથી જરૂરી કાગળો, બ્લેક બોક્સ, જરૂરી પાર્ટસ એકત્ર કરાયા હતા. જો કે આજે બીજા દિવસે પણ અમરેલીમાંથી એક પણ તાલીમી વિમાને ઉડાન શરૂ કરી નથી.
આ બનાવમાં અમરેલીમાં ગઈકાલે બપોરના સમયે વિઝન ફલાયિંગ ઈન્સ્ટિટયુટનું તાલીમી મીની પ્લેન કોઈ કારણોસર ક્રેશ થતાં અમરેલી સહિત સમગ્ર જિલ્લામાં ચકચાર મચી જવા પામેલ છે. ત્યારે આ ઘટના અંગે અને આ

અનુસંધાન પાના ૬ ઉપર

## છેલ્લા 3 દિવસથી માનસિક સ્થિતિ સારી ન હોવાથી

# સાવરકુંડલાનાં કેવડાપરામાં રહેતી પરિણીતાએ અગ્નિસ્નાન કરી લીધુ

**કેરોસીન છાંટી અંતિમવાટ પકડી લીધી**

અમરેલી, તા. ૨૩, સાવરકુંડલા ગામે કેવડાપરામાં રહેતા પ્રભાબેન ભુપતભાઈ પરમાર નામની ૨૭ વર્ષિય પરિણીતાની છેલ્લા ત્રણ દિવસથી માનસીક સ્થિતિ સારી ન હોય. જેથી તેણીએ ગત તા. ૨૧ના રોજ રાત્રે ૧૧:૩૦ કલાકે પોતાના ઘરે કેરોસીન છાંટી જાતે સળગી જતા તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## સરપંચે પોલીસ અધિક્ષકને પત્ર પાઠવ્યો

# અમરેલીનાં વિઠ્ઠલપુર ખંભાળીયા ગામે શરૂ થયેલ દારૂનાં દુષણને બંધ કરાવવા રજુઆત

**ગાંધીના ગુજરાતમાં દારૂનુ દુષણ બંધ થવુ જરૂરી**

અમરેલી, તા. ૨૩
અમરેલીનાં વિઠલપુર ખંભાળીયા ગામે દારૂનુ દુષણ બંધ કરાવવા ગામના સરપંચ જે.બી. મકવાણાએ માંગ કરી છે.
તેઓએ પોલીસ અધિક્ષકને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે, અમરેલી તાલુકાના વિઠલપુર(ખં) ગામે દેશી દારૂની હાટડીઓ ખુલી હોય તેમ કુંડલા ચોકડીથી પીઠવાજાળ ગામ સુધી જાણે પાણીના પરબ ખુલ્લા હોય તેમ દેશીદારૂના પરબ ખુલેલા છે. જાણે બુટલેગરો ને કાયદાનો ડર ના હોય તેમ સાંજના—૪ વાગ્યે ને દેશીદારૂના પોટલાઓ લઈને રસ્તા ઉપર ખુલ્લે આમ વેચવા આવી જાય છે.
અવાર નવાર પોલીસને લેખિત અને મૌખિક જાણ કરવા છતા આનું કોઈ કાયમી નિરાકરણ આવેલ નથી જયારે ખુલ્લે આમ દારૂનું વેસાણ

અનુસંધાન પાના ૬ ઉપર

## ૨૧મી સદીમાં ૧૮મી સદી જેવી સમસ્યા

# કુંકાવાવની પોસ્ટ ઓફિસમાં છેલ્લા ૧૦ દિવસથી ઈન્ટરનેટ કનેકટીવીટી બંધ

**બીએસએનએલ તરફથી યોગ્ય જવાબ મળતો નથી**

અમરેલી, તા. ૨૩
કુંકાવાવની તાલુકા મથકની પોસ્ટ ઓફિસમાં છેલ્લા ૧૦ દિવસની ઈન્ટરનેટ કનેકટીવીટી મળતી નથી જેની ગ્રાહકો કર્મચારીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ત્યારે આ સમસ્યા બાબતે બીએસએનએલને જાણ કરતા તેણે જવાબદારી હેડ ઓફિસ પર ઢોળી અને હેડ ઓફિસ બીએસએનએલની સમસ્યા જણાવી રહી છે. ત્યારે આ સમસ્યા બાબતે બ્રાંચે અમરેલી હેડ ઓફીસમાં રજુઆત કરી છે. પણ આજદીન સુધી કોઈ જાણકારી મળી નથી ત્યારે આ સમસ્યાને લઈને

અનુસંધાન પાના ૬ ઉપર

## શહેરમાં રખડતા પશુઓની સમસ્યા દુર કરવામાં પાલિકા નિષ્ફળ

# આ દેખે જરા : અમરેલીનાં હાર્દસમાં ડો. જીવરાજ મહેતા ચોકમાં સમી સાંજે ખેલાયું આખલા યુદ્ધ

**શહેરીજનો છેલ્લા ઘણા મહિનાઓથી રખડતા પશુઓથી ભયભીત**




અમરેલી, તા. ૨૩
અમરેલી શહેરમાં છેલ્લા એકાદ દાયકાથી દિનપ્રતીદિન રખડતા પશુઓની સમસ્યાઓ વિકરાળ બની રહી છે. મીડિયા જગતમાં અવાર—નવાર અહેવાલ પ્રસિદ્ધ થતાં હોવા છતાં પણ પાલિકાના શાસકો કોઈ કાર્યવાહી કરતા નથી.
શહેરમાં રખડતા પશુઓનાં કારણે વારંવાર અકસ્માતની ઘટના બની રહી છે. રખડતા આખલાઓ વચ્ચે ઘમાસાણ પણ થતું હોય છે. તો રખડતા શ્વાન પણ શહેરીજનોને દોડાવીને પરેશાન કરી રહયા છે.
ગૌમાતા પણ જયાં ત્યાં ગંદકી ફેંદતી જોવા મળી રહી છે. દેવીસમાન ગૌમાતાની હિન્દુવાદી સરકારને કોઈ ચિંતા થતી નથી. દરમિયાનમાં આજે સાંજે શહેરનાં હાર્દસમાં ડો. જીવરાજ મહેતા ચોકમાં બે આખલાઓ વચ્ચે યુદ્ધ થતાં શહેરીજનોમાં ફફડાટનો માહોલ છવાયો હતો.

અનુસંધાન પાના ૬ ઉપર

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
NST Machine

ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
સરનામું
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી / ફોન નં.(૦૨૭૯૨) ૨૨૧૩૨૪

## વિપુલભાઈ કુડેચા નામનાં યુવકે વ્યાજે નાણા લેતા

# સાવરકુંડલામાં નાણા ધીરધાર કરનારે બળજબરીથી પ્લોટનું વેચાણખત કરાવી લીધુ

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૩
સાવરકુંડલા ગામે હાથસણી રોડ ઉપર આવેલ આસોપાલવ સોસાયટીમાં રહેતા અમરદીપભાઈ બાલુભાઈ વેગડ નામના આરોપીએ પોતે નાણા ધીરધાર કરવાનું લાયસન્સ ધરાવતા ન હોવા છતાં તેમણે તે જ વિસ્તારમાં રહેતા વિપુલભાઈ વનુભાઈ કુડેચા નામના ૨૮ વર્ષિય યુવકને તા. ૧/૩/૨૩થી રૂપિયા ૫૦,૦૦૦ની રકમ ઉંચા વ્યાજના દરે આપી અને યુવક પાસેથી કુલ રૂપિયા ૯૫,૦૦૦ વ્યાજ પેટે લઈ યુવકના પ્લોટનો વેચાણખત રૂપિયા ૧,૧૦,૦૦૦નો બળજબરી પુર્વક કરાવી લઈ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## અમરેલીનાં જાણીતા એડવોકેટ એમ.જે. સૈયદની દલીલો સફળ રહી

# વિદ્યાર્થીનાં વાહન અકસ્માત કેસમાં ૧.૨૩ કરોડનું વળતર ચુકવવા આદેશ

**સાવરકુંડલાનાં દ્રિમીત ધર્મેન્દ્રભાઈ ચૌહાણ નામનો વિદ્યાર્થી એસ.ટી. બસમાં પસાર થતો હતો**

**લાઠીનાં કેરાળા ગામ નજીક એસ.ટી. બસ અને ટ્રક વચ્ચે અકસ્માત થયેલ**

**અકસ્માતમાં આશાસ્પદ વિદ્યાર્થીનું મોત થતાં સ્થાનિક કોર્ટમાં કેસ થયેલ**

**એસ.ટી. બસ અને ટ્રકની વીમા કંપનીને નાણા ચુકવવા આદેશ કરવામાં આવ્યો**

અમરેલી, તા. ૨૩

સાવરકુંડલાનાં આશાસ્પદ વિદ્યાર્થીનું વાહન અકસ્માતમાં મોત થતાં મૃતકનાં માતા–પિતાને વ્યાજ સહિત કુલ રૂપિયા ૧.૨૩ કરોડ ચુકવવા મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીબ્યુનલે આદેશ આપેલ છે. અરજદાર તરફે અમરેલીનાં જાણીતા એડવોકેટ એમ.જે. સૈયદની દલીલો સફળ રહી હતી.


એડવોકેટ એમ.જે. સૈયદ

વિગત એવા પ્રકારની છે કે, દ્રિમીત ધર્મેન્દ્રભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૨) નામનો વિદ્યાર્થી ગત તા. ૨/૯/૨૦૧૮નાં રોજ સાવરકુંડલાથી એસ.ટી. બસ નં. જી.જે.–૧૮ ઝેડ–૩૧૨ માં પેસેન્જર તરીકે બેસીનો જતા હતા. તે વખતે લાઠીના કેરાળા ગામના પાટીયા પાસે ટ્રક નં. જી.જે.–૩ બીવી–૪૪૫૫થી અકસ્માત થતાં દ્રિમીતનું મૃત્યુ નિપજેલ હતું. જેનું વળતર મેળવવા તેના મા–બાપે સાવરકુંડલાના મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ સમક્ષ કલેઈમ કરેલ હતો.

જે કિસ્સામાં ગુજરનાર દ્રિમીત ધર્મેન્દ્રભાઈ ૨૨ વર્ષનો યુવાન વિદ્યાર્થી હતો. તેની પાસે ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટની બી.ટેકની એન્જીનીયરની ડીગ્રી હતી. તેઓ આવક ધરાવતા ન હતા. અરજદારના વિધ્વાન એડવોકેટ એમ.જે. સૈયદ તરફથી એવી રજૂઆત કરવામાં આવેલ કે, ગુજરનાર ખૂબ જ હોંશિયાર હતો તેની ડીગ્રી જોતા તે ભવિષ્યમાં ખૂબ આગળ વધેલ હોત. તે અંગે ડોકયુમેન્ટી પુરાવા તથા મૌખિક પુરાવાથી તે હકીકતો સાબિત કરેલ હતી. જેથી તેની ભવિષ્યની આવકને સુપ્રિમ કોર્ટના જજમેન્ટ મુજબ ધ્યાને લઈ વળતર આપવું જોઈએ. જે કેસમાં સાવરકુંડલાના એડીશનલ ડીસ્ટ્રીકટ જજશ્રી સચિન સેઠી સાહેબે સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ તથા પડેલ પુરાવો વગેરે ધ્વાને લઈ ગુજરનારના માતા મીનાબેન ધર્મેન્દ્રભાઈ ચૌહાણ તથા પિતા ધર્મેન્દ્રભાઈ હીરાભાઈ ચૌહાણ રે. બંને સાવરકુંડલાવાળાને રૂા. ૭૬,૭૪,૦૦૦નું વળતર અરજી તારીખથી ૯%નાં વ્યાજ સહ તથા ખર્ચસહ મંજૂરી કરી એક માસમાં વળતરની રકમ ટ્રકની વીમા કંપની યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપની તથા ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટની બંનેની ૫૦%, ૫૦% બેદરકારી ઠરાવેલ છે. તે મુજબ રકમ ચુકવવા આદેશ કરેલ છે.

અરજદારો તર્ફે અમરેલીના વિધ્વાન એડવોકેટ એમ.જે. સૈયદ રોકાયેલા હતા.

## અમરેલી ખાતે યુવક કોંગ્રેસ દ્વારા આંતકી હુમલામાં મૃત્યુ પામેલને શ્રધ્ધાજંલિ પાઠવાઈ

અમરેલી, તા. ૨૩

તાજેતરમાં જમ્મુ કાશમીરના પહલગામ પ્રવાસીઓ પર થયેલા હુમલા આંતકી હુમલામાં મૃત્યુ પામેલ મૃતકોને અમરેલી જીલ્લા યુવક કોંગ્રેસ દ્વારા ભાવપૂર્ણ શ્રધ્ધાજંલિ અર્પી તથા હુમલામાં ઘાયલ થયેલ સૌ ઝડપથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરવા માટે થઈ અમરેલીના ડો. જીવરાજ મહેતા ચોક ખાતે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અમરેલી જીલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ



સંદીપ ધાનાણી, કોંગી અગ્રણી શરદભાઈ ધાનાણી, ટીકુભાઈ વરૂ, મનીષ ભંડેરી, રફીકભાઈ મોગલ, અરવિંદભાઈ સીતાપરા, સમીર કુરેશી, પ્રહલાદ સોલંકી, અર્જુનભાઈ સોસા, રાજુભાઈ ઠાકોર સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

**જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને**

## અમરેલી જિલ્લા રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા માર્ગસલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેકટરએ માર્ગ સલામતીની કામગીરીની સમીક્ષા કરતા વાહનચાલકોની સલામતી માટે સંબંધિત અધિકારીઓને જરૂરી દિશાનિર્દેશ આપ્યા હતા.

અમરેલી જિલ્લા સેવા સદન કલેકટર કચેરી ખાતે યોજાયેલ આ બેઠકમાં જિલ્લા કલેકટરએ, વાહન ચાલકોની સલામતી માટે અમરેલી જિલ્લાના વિવિધ રસ્તા પર આવશ્યકતા મુજબ જરૂરી સૂચનાઓ સાથેના સાઈન બોર્ડ, સ્પીડ બ્રેકર, સ્પીડ લિમિટ દર્શાવતા બોર્ડ, રેડિયમ, માર્કિંગ પટ્ટા, બેરિયર લગાવવા સહિતના સૂચન કર્યા હતા.

આ બેઠકના પ્રારંભે નિવાસી અધિક કલેકટર દિલિપસિંહ ગોહિલે, અમરેલી જિલ્લાના અકસ્માત સંભવિત જોખમી માર્ગોની આર.ટી.ઓ. તેમજ અન્ય સંબંધિત વિભાગોને સંયુકત મુલાકાત કરી અને જરૂરી તકેદારીના પગલા ભરવાના સૂચનો રજૂ કરવા માટે જણાવ્યું હતું. જેમાં ચલાલાથી સાવરકુંડલા માર્ગ અને રાજુલાના નેશનલ હાઈવે માર્ગની સમીક્ષા કરવા જણાવ્યું હતું.

આ બેઠકમાં તેમણે વાહન ચાલકોની સલામતી માટે અમરેલીથી–ચિત્તલ–બાબરા માર્ગ પર જંગલ કટિંગ અને રોડની સરફેસની બંને બાજુ યોગ્ય માપમાં સાફ–સફાઈ કરવાનું સૂચન કર્યુ હતું.

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ પઢિયાર અને શાહે માર્ગ સલામતી માટે વિવિધ કચેરીઓ દ્વારા થયેલી કામગીરીની સંકલિત વિગતો પ્રેઝન્ટેશનના માધ્યમથી રજૂ કરી હતી.

આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, નાયબ પોલીસ અધિક્ષક ગોહિલ, માર્ગ અને મકાનના વિભાગ રાજય અને પંચાયત, પોલીસ, આરોગ્ય, નેશનલ હાઈવે ઓથોરિટી, ઈમરજન્સી સેવા ૧૦૮ સહિત કચેરીઓના અધિકારીઓ અને કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

**જિલ્લા વિદ્યાસભા સંચાલિત**


## અમરેલીની માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજમાં બાળ લગ્ન પ્રતિબંધ ધારો અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફે સહયોગ કર્યો**

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ અમરેલીમાં વિકાસ મંડળ અમરેલી દ્વારા તારીખ ૧૭/૪/૨૦૨૫ને ગુરૂવારના રોજ બાળલગ્ન ધારો પ્રતિબંધ ધારો ૨૦૦૬ અંતર્ગત એક જાગૃતિ કાર્યક્રમ આયોજીત થયો, જેમાં પ્રોબેશન અધિકારી રેખાબેન માંડલિયા અને એકાઉન્ટંટ ક્રિષ્નાબેન જેઠવા ઉપસ્થિત રહ્યા હતા.





આ પ્રસંગે રેખાબેન માંડલિયાએ વિદ્યાર્થીનીઓ બાળલગ્ન પ્રતિબંધ ધારો ૨૦૦૬ અંગે અને તે અંગેના વિવિધ કાયદા કાનૂન અંગે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. વાઈસ પ્રિન્સિ. વેલિયત સાહેબે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. અને ઉપસ્થિત વકતાઓનું સ્વાગત કર્યુ હતું. આભાર દર્શન અંગેજી વિભાગના અધ્યક્ષ પ્રા. જૈમિનભાઈ જોષીએ કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં તમામ વિદ્યાર્થીનીઓ અને સ્ટાફ મેમ્બર્સનો ઉત્તમ સહયોગ પ્રાપ્ત થયો હતો.

## ગુલાબી ઇયળ–પિંક બાલવાર્મ નામની જીવાતથી કપાસના પાકને બચાવવા અનુરોધ

અમરેલી, તા. ૨૩

વર્ષ–૨૦૨૫માં ખરીફ ઋતુમાં કપાસના પાકની વાવણીને ધ્યાને રાખી ખેતરમાં ગુલાબી ઈયળ –પિંક બાલવાર્મ નામની જીવાતથી કપાસના પાકને બચાવવા માટે કપાસનું વાવેતર ધરાવતા ખેડૂતોએ હાલ ઉનાળામાં અગમચેતીના પગલાં ભરવા અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ ભલામણ કરી છે.

ઉનાળામાં ઊંડી ખેડ કરવી જેથી જમીનમાં અગાઉના કપાસના પાકના અવશેષોમાં રહેલા ગુલાબી ઈયળના કોશેટા સૂર્યપ્રકાશની ગરમીથી તેમજ કુદરતી ભક્ષકો દ્વારા નાશ પામે. કપાસના પાકની વાવણી કરતાં પહેલાં ખેતરમાં રહેલ જૂના પાકના અવશેષો/ જળિયાંનો વીણીને નાશ કરવો. કપાસના ખેતરની ફરતે/ આજુબાજુના વિસ્તારમાં પાકનો કચરો/ કરસાંઠી/ અવશેષોના ઢગલાં કરવા નહિ. આ અંગે વધુ જાણકારી જે–તે વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકાર, ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), નાયબ ખેતી નિયામક (તાલીમ)નો સંપર્ક કરવો તેમ અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

**આજનાં મૂડીવાદનાં મુશ્કેલીરૂપ સમયમાં**


## સાવરકુંડલા સહિત તમામ શહેરો અને ગામોમાં પુસ્તકાલયને આધુનિક બનાવો

**વાંચન વગરનુ માનવજીવન વ્યર્થ હોય છે**

સાવરકુંડલા, તા. ૨૩

આજના હાઈટેક ટેકનોલોજીના યુગમાં સાંપ્રત સમય સાથે કદમ મિલાવવા આવી સુવિધાસભર પુસ્તકાલય ગરીબ અને મધ્યમ વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને મળે તો એ દેશની કાયાપલટ કરી શકે. આ યુગ નોલેજ અર્થાત્ જ્ઞાનનો છે જેમાં પુસ્તક અને પુસ્તકાલયનું ખૂબ અગત્યનું સ્થાન ગણાય. ગરીબ વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને કે જેને માટે પોતાના ઘરે વાંચન કે જ્ઞાનપ્રાપ્તિ માટે શાંતિથી બેસીને પુસ્તકો વાંચવાની સુવિધા નથી તેવા લોકો માટે સુવિધા સજજ પુસતકાલય આશીર્વાદ રૂપ ગણાય ૩૫ વર્ષની રાહ જોયા બાદ સાવરકુંડલા નગરપાલિકા મુસદ્દા રૂપ દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના સાવરકુંડલા ૨૦૪૧ ને શહેરી ગૃહ નિર્માણ વિભાગ – ગાંધીનગર દ્વારા મંજૂરી મળી હોય ત્યારે એક અદ્યતન ટેકનોલોજી સાથે સંપૂર્ણ સુવિધા સજ્જ બારે માસ ચોવીસે કલાક ખુલ્લી રહેતી પુસ્તકાલયનું નિર્માણ ન થઈ શકે?





પુસ્તક અને પુસ્તકાલયએ સરસ્વતી સાધના અને જ્ઞાન સંપાદન કરવાનું અનોખું પરબ ગણાય છે. કોઈ પણ ગામ કે શહેરની પુસ્તકાલય જોઈને ત્યાંના બુધ્ધિ ધનનું થોડુ ઘણું અનુમાન લગાવવામાં આવે છે. સાવરકુંડલા શહેરના હાર્દ સમા વિસ્તાર અને શેઠ શેરીમાં નગરપાલિકા સંચાલિત એક પુસ્તકાલય છે. વાચકોની સતત રજૂઆતને અંતે તત્કાલીન નગરપાલિકા પ્રમુખ ડી.કે.પટેલના સમયગાળામાં આ પુસ્તકાલયનું રિનોવેશન કરાવેલ. જો કે આ વાતને વહાણાં વીતી ગયા પરંતુ હવે જેમ જેમ દેશમાં શિક્ષણની ભૂખ ઊઘડતી જાય છે તેમ તેમ હવે આવી લાયબ્રેરીઓમાં વધુ સુવિધા ઉપલબ્ધ થાય એ સમયની માંગ છે. એક તાલુકા લાયબ્રેરી છે પરંતુ સરકાર કે સ્થાનિક નગરપાલિકા દ્વારા સંચાલિત લાયબ્રેરીમાં હજુ વધુ સુવિધા સજ્જ લાયબ્રેરીનું નિર્માણ થાય એ સાવરકુંડલાના ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ અને વાંચકો માટે આશીર્વાદ રૂપ બને તેવું આજના ગળાકાપ સ્પર્ધામાં વિદ્યાર્થીઓને તથા વાચકોને લેટેસ્ટ અપડેટ સાથે જીવનમાં પ્રગતિ કરવા માટે જરૂરી છે. વિશેષમાં વાંચનાલયનો સમય સરકારી સમયની મર્યાદા ઓળંગીને ચોવીસ કલાક અથવા તો મિનિમમ બાર કલાક હોય તેવું વાચક અને વિદ્યાર્થીઓ તથા પરીક્ષાર્થીઓ ઈચ્છી રહ્યા છે. ખાસ કરીને વાંચનાલયમાં સંપૂર્ણ સફાઈ તેમજ ટેબલ ચેર, ફેન વગેરે પૂરતાં પ્રમાણમાં વ્યવસ્થા, પરીક્ષાર્થીઓને ઉપયોગી સ્પર્ધાત્મક મેગેઝિન તેમજ અન્ય સાહિત્ય. ઈન્ટરનેટ કેવાઈ–ફાઈ દ્વારા દેશ વિદેશના ખૂણે ખૂણેથી જરૂરી સાહિત્ય ડાઉનલોડ કરી શકે તેવી સુવિધા તેમજ મહિલાઓ માટે અલગ શૌચાલય બનાવવા જોઈએ તેવો વાચક વર્ગમાંથી સૂર ઉઠતો જોવા મળે છે. અહીં સાવરકુંડલા તાલુકા લાયબ્રેરીમાં ઈન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ છે તેમ તેના ગ્રંથપાલે જણાવ્યું હતું આમ એકંદરે લાયબ્રેરી એ માત્ર વર્તમાનપત્ર, મેગેઝિન, નવલકથા, ગઝલ સાહિત્ય માટે જ નથી પરંતુ આજના હાઈટેક યુગમાં સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભે તેમજ શૈક્ષણિક સંદર્ભે કે રીસર્ચ માટે પર્યાપ્ત માત્રામાં સાહિત્ય ઉપલબ્ધ થાય તેવી હોવી જોઈએ અને તો જ ગરીબ મધ્યમ વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને આ ગળાકાપ હરીફાઈના યુગમાં આઈએએસ, મેનેજમેન્ટ, ટેકનોક્રેટ, સારા વકીલ, સમાજ સેવક, પત્રકાર, રાજકીય નેતા, સારા વેપારી કે તબીબ વગેરે બનવા માટે પર્યાપ્ત આકાશ (સ્કોપ) મળે અને સાવરકુંડલા તેમજ તાલુકાની યુવા પેઢીને દેશના અન્ય વિદેશના સંપર્કમાં રહીને પોતાનું કૌશલ્ય કે સ્કીલ દર્શાવવાની પૂર્ણ તક મળે. આ માટે જ સાવરકુંડલા શહેર એક અદ્યતન ટેકનોલોજી સાથે સંપૂર્ણ સુવિધા સજ્જ બારે માસ ચોવીસે કલાક ખુલ્લી રહેતી લાયબેરી ઝંખે છે. સાવરકુંડલા હવે વિકાસ ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે. વળી ૩૫ વર્ષની લાંબી પ્રતિક્ષા બાદ સાવરકુંડલા નગરપાલિકા મુસદ્દારૂપ દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના સાવરકુંડલા ૨૦૪૧ને શહેરી વિકાસ આબે શહેરી ગૃહ નિર્માણ વિભાગ – ગાંધીનગર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે ત્યારે સાવરકુંડલા શહેરને ઓડિટોરિયમ, રીવર ફ્રન્ટ, અટલ સરોવર, સ્પોર્ટસ કોમ્પલેક્ષ જેવા પ્રોજેકટ મંજૂર થઈ રહ્યા છે ત્યારે સાથે સાથે સાવરકુંડલા જેને વિદ્યા ક્ષેત્રે સદાય યાદ રાખે તેવી ચોવીસ કલાક ખુલ્લી રહેતી પૂર્ણ હાઈટેક સુવિધા સજ્જ પુસ્તકાલય ઉપલબ્ધ ન થઈ શકે??

# બાબરાની પરિશ્રમ શાળામાં વાર્ષિક મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ










તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં પરિશ્રમ શાળામાં વાર્ષિક મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અહી યોગીની મહેશ્વરીનાથજીના હસ્તે દિપ પ્રાગટય કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. શાળાના ધોરણ ૧ થી ૧૦ વિદ્યાર્થીઓ ધ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. તેમજ શાળાના ટ્રસ્ટી કલ્પેશભાઈ ભુવા ધ્વારા શાળાના શૈક્ષણિક વિકાસની વાતો કરી હતી. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, પૂર્વ પ્રમુખ લલિતભાઈ આંબલિયા, ભુપતભાઈ બસિયા, શહેર ભાજપના પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, અજિતભાઈ ખોખરીયા, મુકેશભાઈ ખોખરીયા સહિત સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. યોગિની મહેશ્વરી નાથજી બાપુ તેમજ આમંત્રીત મહેમાનો ધ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યું. ટ્રસ્ટી ભૂવા કલ્પેશ તથા આચાર્ય નરેન્દ્રભાઈના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાંઆવ્યું.

# અમરેલી : થેલેસેમિયા દર્દીઓના લાભાર્થે શીતલ આઈસ્ક્રીમ તથા લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી)ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ






શીતલ આઈસ્ક્રીમ, લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ડી.જે.બી.એસ. ફાઉન્ડેશન તેમજ અમરેલી સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સંયુકત ઉપક્રમે તેમજ લાઈફ બ્લડ સેન્ટર-રાજકોટના સહયોગથી થેલેસેમિયા દર્દીઓના લાભાર્થે શીતલ ફૂલ પ્રોડકટ લિમિટેડ, જી.આઈ.ડી.સી.માં તા. ૨૩/૪/૨૦૨૫ને બુધવારે સફળ સ્વૈચ્છિક રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨-જેના રીજીયન ચેરપર્સન લાયન દિનેશભાઈ ભુવા, અમરેલીના પ્રમુખ લાયન મનોજભાઈ કાનાણી તેમજ સામાજીક આગેવાન કનુભાઈ ગોજારીયા વગેરેએ દીપ પ્રાગટય કરી રકતનું મહત્વ સમજાવેલ. થેલીસેમિયા, કેન્સર, અકસ્માત તથા સર્જરીમાં રકતની આવશ્યકતા ખૂબ જ રહે છે. રકતદાનએ સ્વેચ્છાએ કરવામાં આવતું એક એવું કાર્ય છે કે, જેનાથી કોઈ અજાણી વ્યકિતને જીવનદાન મળી શકે છે અને આપણને ગુપ્ત દાનનો કરવાનો અવસર પ્રાપ્ત થાય છે. ખાસ કરીને સાંપ્રતિક સ્થિતિમાં થેલેસેમિયા જેવા જીવલેણ રોગથી પીડિત દર્દીઓને નિયમિત રકતની જરૂર હોય છે. જેથી સમાજની દરેક સજાગ નાગરિકે આ મહત્વ સમજવું જોઈએ અને આરોગ્યવાન વ્યકિતઓએ રકતની જરૂરિયાત રકતથી પૂરી કરવા નિયમિત અંતરે રકતદાન કરવા માટે અપીલ કરી હતી. આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી)ના સેક્રેટરી લાયન ભદ્રેશસિંહ પરમાર, પૂર્વ પ્રમુખ લાયન ભુપતભાઈ ભુવા, લાયન પ્રા. એમ. એમ. પટેલ, લાયન જયેશભાઈ કે. પંડયા, લાયન રમેશભાઈ ગોલ, લાયન ભગવાનભાઈ કાબરીયા, લાયન રિધેશભાઈ નાકરાણી, લાયન રાજેશભાઈ માંગરોળીયા, લાયન નરોત્તમભાઈ સાકરીયા, અશોકભાઈ ઝાલા જીઆઈડીસીમાંથી કનુભાઈ ગોજરીયા, ભુપતભાઈ લુહાર, ચંદુભાઈ ચાવ, રાજાભાઈ વગેરેએ જહેમત ઉઠાવેલ હતી.

### માર્ગ સલામતી સુદ્રઢ કરવા

## અમરેલી એઆરટીઓ અને ટ્રાફિક દ્વારા માર્ચ મહિનામાં ૩,૧૬૫ કેસ કરી રૂા. ૨૪.૩૪ લાખનો દંડ કરવામાં આવ્યો

### નિયમ વિરૂદ્ધ રસ્તા પર ચાલતા વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લામાં મોટર વ્હીકલ એક્ટ અંતર્ગત માર્ગ સલામતી જળવાય અને વાહન ચાલકો નિયમોનું પાલન કરે તેવા હેતુથી મોટર વ્હીકલ એકટનો ભંગ કરી નિયમ વિરૂદ્ધ વાહન ચલાવનાર ચાલકો વિરૂદ્ધ પગલા ભરવામાં આવ્યા છે.

માર્ચ-૨૦૨૫માં અમરેલી એ.આર.ટી.ઓ. અને ટ્રાફિક પોલીસ દ્વારા એમ.વી. એકટ હેઠળ દંડનીય કાર્યાવાહી હેઠળ ૩,૧૬૫ કેસ અંતર્ગત રૂા. ૨૪.૩૪ લાખનો દંડ કરવામાં આવ્યો છે.

જેમાં હેલ્મેટ વગર વાહન ચલાવતા વાહન ચાલકોના ૭૦૬ કેસ રૂા. ૩,૫૩,૦૦૦ દંડ, સીટબેલ્ટ વગર વાહન ચલાવતા ચાલકોના ૯૧૬ કેસ રૂા. ૪,૭૭,૫૦૦ દંડ, ફેન્સી નંબર પ્લેટ લગાવનાર ચાલકોના ૩૦૮ કેસ રૂા. ૧,૧૦,૪૦૦ દંડ, કાળા કાચ (બ્લેક ફિલ્મ) અંતર્ગત ૨૮૩ કેસ રૂા. ૧,૪૧,૫૦૦ દંડ, એલ.ઈ.ડી. લાઈટ-એકસ્ટ્રા લાઈટ ૧૭૩ કેસ રૂા. ૮૬,૫૦૦ દંડ, ઓવરસ્પીડ-વધુ ગતિએ વાહન ચલાવતા ચાલકોના ૩૦૨ કેસ રૂા. ૬,૦૪,૦૦૦ દંડ કરવામાં આવ્યો છે.

ઓવરલોડ ૨૮ કેસ, રૂા. ૩,૪૦,૦૦૦ દંડ, ઓ.ડી.સી. ૫૮ કેસ, રૂા. ૧,૨૬,૦૦૦ દંડ, રેડિયમ રિફલેકટર ૧૧૩ કેસ, રૂા. ૫૬,૫૦૦ દંડ, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનના ઉપયોગ બદલ ૨૭૮ કેસ રૂા. ૧,૩૯,૦૦૦ દંડ કરવામાં આવ્યો છે, તેમ અમરેલી જિલ્લા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## અમરેલી માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજમાં તૃતિય ભીત-પત્રિકાનું વિમોચન કરવામાં આવ્યું



અમરેલી, તા. ૨૩

અમરેલીજિલ્લાવિધાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આટ્ર્સ કોલેજ અમરેલીમાં તા. ૮/૪/૨૫નેમંગળવારનારોજગુજરાતી વિભાગનાઅધ્યક્ષડો.નિરૂપાબેનટાંકના સફળ સંપાદનમાં કોલેજની ત્રીજી ભીત-પત્રિકાનું વિમોચન અમરેલી જિલ્લાવિધાસભાનાનિમાયકઅનેપૂર્વ કુલપતિ સૌરા.યુનિ. રાજકોટના ડો. ગિરીશભાઈ બીમાણીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડો.ભીમાણીએ ભીત-પત્રિકાના સંપાદક અને તમામ કવિ-લેખકોને શુભેચ્છા પાઠવી હતી.

આભીત-પત્રિકાનાસંરક્ષ તરીકે સંસ્કૃત વિભાગના અધ્યક્ષા ડો. વિલાસબેનસોરઠિયાઅનેસંયોજકતરીકે હિંદી વિભગના અધ્યાપક ડો. અરવિંદ ઉપાધ્યાય અને પરામર્શક મંડળમાં પ્રા.સવિતાબેન પરમાર, ડો. જયશ્રીબેન મકવાણા,નયનાબેનજોશી,પ્રાજૈમિનભાઈ જોશીએઉતમસેવાપ્રદાનકરીછે.

આ ભીત-પત્રિકામાં નિયામક અમરેલી જિલ્લા વિધાસભા ડો.ભીમાણીને શુભેચ્છા સંદેશ, ડો. ગિરીશવેલિયત,ડો.નિરૂપાબેનટાંક,ડો. અરવિંદ ઉપાધ્યાય, પ્રા ભૂષણ જોશી, રાઠોડવૈશાલી,ડાભીધ્રુવી,ડાભીમાનસી, દાફડાચંદ્રિકા,બતાડાભારતી,પરમાર દયા,દાફડાલતા,દાફડાઅલ્પા,મુલાણી શ્રુતિ,વાઘેલાઉર્મિલા,સૈયદસીમાઅને ઠાકરતિથિવગેરેનાલેખઅનેકવિતાઓ પ્રકાશિતકરવામાંઆવીછે.

### શાર્પશુટર અમરેલી જિલ્લાનાં વતની હતા

## અમદાવાદનાં ચકચારી સુરેશ શાહ મર્ડર કેસનો મુખ્ય સુત્રધાર શાર્પશુટર રવુ શાખ નાં કાયમી જામીન મંજૂર કરતી હાઈકોર્ટ

### અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ચોટીલા ખાતેથી આરોપીની ધરપકડ કરી હતી

અમરેલી, તા. ૨૩

અમદાવાદ વાસણા વિસ્તારમાંસરાજાહેરઅંધાધુંધફાઈરીંગ કરીએફસીઆઈનાટ્રાન્સપોર્ટકોન્ટ્રાકટર સુરેશશાહનીનિર્મમઘાતકીહત્યાકરનાર અમરેલીજિલ્લાનોવતનીમુખ્યસુત્રધાર શાર્પશુટરરવુશાખનીસંડોવણીબહાર આવતાની સાથે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના જાંબાઝ અધિકારીની ટીમે ચોટીલાખાતેથીરવુશાખનીધરપકડકરી હતી. ત્યારબાદઆમર્ડરનાબધાજરાજ ખુલ્યા હતા અને આ મર્ડરનો પ્લાન અમરેલીજિલ્લાજેલમાંથીરાજુશેખવા અને ઘનશ્યામ કણક ધ્વારા કરવામાં આવ્યોહતો. તેમજહાલઘનશ્યામકણક અમરેલીસેન્ટ્રલજેલમાંરાજકોટનામર્ડર કેસમાંઆજીવનસજાકાપીરહ્યોછે.

તેમજ સુરેશ શાહે અમદાવાદનાખાડીયાવિસ્તારમાંપ્રદિપડોન અનેગૌતમદાઢીનીહત્યાકરાવીનાખવામાં આવ્યાનીહકીકતસામેઆવીહતી.

એફસીઆઈની ધંધાકીય હીરફાઈમાં૨૦૦૫માંસુરેશશાહનુંરાજુ શેખવા ધ્વારા રાજકોટથી અપહરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૨૦૦૯માંઅમદાવાદપાલડીખાતેજુની અદાવતથી રાજુ શેખવા ઉપર શાર્પ શુટરોધ્વારાફાઈરીંગકરાવીખુનીહુમલો કરાવવામાં આવેલ પણ રાજુ શેખવાને હોસ્પિટલમાં સમયસર સારવાર મળી જતાતેનોઆબાદબચાવથઈગયોહતો. જેથી જુની અદાવતની દાઝ રાખી રાજુ શેખવાએસુરેશશાહનેમારીનાખવામાટે રૂા. ૫૦ લાખની સોપારી આપી હતી. માર્ચ ૨૦૧૮માં સુરેશ શાહની નીર્મમ કરપીણઘાતકીહત્યાકરાવીનાખીહતી.

રાજુ શેખવા ગુજરાતમાં અપહરણ, ધમકી, હથિયાર, મારામારી, ફાઈરીંગ, મર્ડર જેવા અનેક ગંભીર પ્રકારના ગુન્હાઓ કરીચુકેલ છે.

તેમણે સાવરકુંડલા નગરપાલિકાના ચેરમેન જોરાવરસિંહ ચૌહાણની હત્યા, ગાંધીનગર એફસીઆઈ મેનેજર બાબુલાલ જાદની હત્યાતેમજઅમદાવાદનાંગેંગસ્ટરસુરેશ શાહનીઘાતકીહત્યાપણરાજુશેખવાના ઈશારે જ કરવામાં આવી હતી.

ગોંડલના બે ઉદ્યોગપતિનું અપહરણરાજુશેખવાએકરાવેલુંઅને આઅપહરણવખતેગોંડલનાંમોટુંમાથુ ગણાતા કદાવર રાજકીય નેતા વચ્ચે પડતાનીસાથેજઆમામલોથાળેપડી ગયોહતો.

### આનંદ મંગલ ઉત્સવ સેવા સમિતિ દ્વારા

## લીલીયામાં આજે મહાપ્રભુજીનો પ્રાગટય ઉત્સવ ઉજવાશે

### નંદ મહોત્સવ, વર્ણાગી અને મહાપ્રસાદ સહિતના ઉત્સવો યોજાશે

લીલીયા, તા. ૨૩

લીલીયા આનંદ મંગલ ઉત્સવસેવાસમિતિધ્વારાચૈત્રવદ૧૧ને ૨૪/૪/૨૫ ગુરૂવારના રોજ અખંડ ભુમંડલાચાર્યજગદગુરૂ વલ્લભાચાર્યજી (મહાપ્રભુજી)ના ૫૪૮માં પ્રાગટય દિનનીલીલીયામોટાનાઆંગણેભવ્યથી ભવ્ય રીતે ઉજવણી કરવાનો આયોજન કરવામાંઆવેલછે.

આઅલૌકિકઅવસરનિમિતે સવારના ૧૦:૦૦ કલાકે નંદ બપોરના ૩:૦૦ કલાકે મહાપ્રભુજીની વર્ણાગી સાંજના ૬:૦૦કલાકેમહાપ્રસાદસહિતના આયોજનકરવામાંઆવેલછે. જેમાંમોટી સંખ્યામાં વૈષ્ણવ પરિવારના ભાઈઓ બહેનો ઉપસ્થિત રહેશે. તેમ મનોજ જોશીનીઅખબારીયાદીમાંજણાવેલછે.

## અમરેલીમાં ૨૫ એપ્રિલે મેલેરિયા દિવસની ઉજવણી

અમરેલી, તા. ૨૩

મેલેરિયા રોગને નાબૂદ કરવા માટે જનજાગૃત્તિ વધે તે માટે દર વર્ષે તા.૨૫ એપ્રિલના રોજ વિ મેલેરિયા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

અમરેલી જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા પણ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરવામાં આવે છે.

તા.૨૫ એપ્રિલ,૨૦૨૫ને શુક્રવારના રોજ સવારે ૮:૩૦ વાગ્યે જિલ્લા પંચાયત અમરેલી ખાતેથી જિલ્લા વિકાસ અધિકારી બાઈક રેલીનું પ્રસ્થાન કરાવશે.

આ ઉપરાંત તાલુકા કક્ષાએ પણ પત્રિકા વિતરણ, ગુરૂ શિબિર, ભીંતચિત્રો, સોશિયલ મીડિયાના માધ્યમથી મેલેરિયા નાબૂદી માટે જનજાગૃત્તિ પ્રસરાવવામાં આવશે. આ વર્ષે વિ મેલેરિયા દિવસની થીમ Malariya Ends With Us : Reinvest, Reimagine, Reignite. રાખવામાં આવી છે તેમ અમરેલી જિલ્લા મેલેરિયા અધિકારીએ એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ

૪૦,પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી

ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦












ફ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...

મગડી ગુંદીના લાડુ

નાયલોન તથા વાટીદાળનાં ખમણ

પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ

તેમજ અવનવા તાજા ફરસાણ મળશે

સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી

બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો

તેમજ અમારી

સ્પે. આઈટમ ફરાળી ચટણી

હાજરમાં મળશે

શિવ

નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫




### મીડિયા અને સોશિયલ મીડિયામાં એક ફોટો પણ વાયરલ

# પહેલગામના ઈસ્લામિક આતંકી હુમલાખોરોના સ્કેચ જારી થયા

**પહેલગામમાં મંગળવારે થયેલા આતંકવાદી હુમલામાં લગભગ ૨૬ નિર્દોષ લોકોના જીવ ગયા : હત્યાકાંડમાં સામેલ ૩ આતંકવાદીઓના સ્કેચ જાહેર**

પહેલગામ, તા. ૨૩

જમ્મુ-કાશ્મીરના પ્રવાસ કેન્દ્ર પહેલગામમાં નિર્દોષ હિન્દુ પ્રવાસીઓની હત્યા કરનારા ઈસ્લામિક આતંકીઓના સ્કેચ જારી કરવામાં આવ્યા છે. આ ઉપરાંત મીડિયા અને સોશિયલ મીડિયામાં એક ફોટો પણ વાયરલ થઈ રહ્યો છે જેમાં ચાર ઈસ્લામિક આતંકીઓ બંદૂકો સાથે દેખાય છે. જોકે આ ફોટો એ જ જેહાદીઓનો છે કે કેમ તે હજુ સત્તાવાર જાણવા મળ્યું નથી.

જમ્મુ-કાશ્મીરના પહેલગામ માં મંગળવારે થયેલા આતંકવાદી હુમલામાં લગભગ ૨૬ નિર્દોષ લોકોના જીવ ગયા. આ આતંકવાદી હુમલા બાદ બુધવારે આ ભયાનક હત્યાકાંડમાં સામેલ ૩ આતંકવાદીઓના સ્કેચ જાહેર કરવામાં આવ્યા છે. આ ભયાનક આતંકવાદી હુમલામાં આસિફ ફૌજી, સુલેમાન શાહ અને અબુ તલ્હાનો સમાવેશ હોવાની શંકા છે.

જમ્મુ-કાશ્મીરના પહેલગામ હુમલામાં સામેલ આતંકવાદીઓની તસવીર હવે જાહેર થઈ છે. સેના અને સ્થાનિક પોલીસની વિશેષ ટીમો આ આતંકવાદીઓની શોધમાં વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. અત્યાર સુધી મળતી માહિતી મુજબ, આ હુમલામાં કુલ છ ઈસ્લામિક જેહાદી આતંકવાદીઓનો સમાવેશ થતો હતો. સુરક્ષા એજન્સીઓએ આ પહેલાં આતંકવાદીઓના ત્રણ સ્કેચ પણ જાહેર કર્યા હતા. કેન્દ્રીય એજન્સીના સૂત્રો મુજબ, પાકિસ્તાન સ્થિત પ્રતિબંધિત લશ્કર-એ-તૈયબા (LeT) સાથે સંકળાયેલા ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF) એ હુમલાની જવાબદારી લીધી છે.

સેનાના ઓપરેશન વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પહેલગામ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી છે. અમિત શાહ તે સ્થળે પણ ગયા હતા જ્યાં ઈસ્લામિક આતંકવાદીઓએ આ કાયરતાપૂર્ણ હુમલો કર્યો હતો. આ હુમલામાં ૨૬ લોકોના જીવ ગયા છે, જ્યારે લગભગ ૨૦ લોકો ઘાયલ થયા હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. આતંકવાદીઓની શોધ માટે વિસ્તારમાં સેના સઘન સર્ચ ઓપરેશન ચલાવી રહી છે.

પહેલગામ હુમલાને પગલે વડાપ્રધાન મોદી એક્શન મોડમાં જોવા મળી રહ્યા છે. તેમને આ હુમલાની માહિતી મળતાં જ તેમણે સાઉદી અરેબિયાનો પ્રવાસ અધવચ્ચે છોડીને સ્વદેશ પરત ફરવાનું નક્કી કર્યું. બુધવારે સવારે તેમનું વિમાન દિલ્હી એરપોર્ટ પર ઉતર્યું. મામલાની ગંભીરતાને સમજીને વડાપ્રધાન મોદીએ એક પણ ક્ષણ બગાડ્યા વિના એરપોર્ટ પર હાઈ લેવલ મીટિંગ યોજી. આ મીટિંગમાં સુરક્ષા એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ ઉપરાંત રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને વિદેશ મંત્રી એસ. જયશંકર પણ હાજર રહ્યા. સૂત્રોના જણાવ્યા મુજબ વડાપ્રધાન મોદીએ આ હુમલામાં સામેલ આતંકવાદીઓને આકરો જવાબ આપવા અને તેમનો સાથ આપનારાઓ પર પણ સખત કાર્યવાહી કરવાની વાત કરી છે.પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાથી દુ:ખી થયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાઉદી અરેબિયાનો પ્રવાસ રદ કરીને તાત્કાલિક બુધવારે વહેલી સવારે ભારત પરત ફર્યા. દિલ્હી પહોંચતાં જ તેમણે એરપોર્ટ પર ઈમરજન્સી મીટિંગ બોલાવી. આ અતિ મહત્વની મીટિંગમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, વિદેશ મંત્રી એસ. જયશંકર અને વિદેશ સચિવ હાજર રહ્યા. વડાપ્રધાનની વિદેશ મુલાકાતથી પરત ફર્યા બાદ તરત જ યોજાયેલી આ ઉચ્ચ સ્તરીય મીટિંગમાં હુમલાની ગંભીરતા, આંતરરાષ્ટ્રીય પ્રતિક્રિયાઓ અને સુરક્ષા રણનીતિઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

### પહલગામ આતંકવાદી હુમલો

# પડદા પાછળ જે પણ છે, બધાને જવાબ મળશે :, રાજનાથ સિંહ

**હું દેશવાસીઓને આશ્વસ્ત કરવા માંગુ છું કે સરકાર દરેક જરૂરી પગલાં ભરશે : રક્ષા મંત્રી રાજનાથ સિંહનું નિવેદન**

નવી દિલ્હી, તા. ૨૩

જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના લીધે દેશ ક્રોધે ભરાયેલો છે. દરેક તેની પાછળ છુપાયેલા લોકો પર કાર્યવાહી ઈચ્છે છે. એવામાં રક્ષા મંત્રી રાજનાથ સિંહે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે પહલગામમાં થયેલા કાયરતાપૂર્ણ હુમલામાં આપણે ઘણી માસૂમ જીંદગીઓ ગુમાવી દીધી છે. અમને આ વાતનું દુખ છે. હું તે પરિવારો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું જેમને પોતાના પરિજનોનો ગુમાવ્યા. અમારી આતંકવાદ પ્રત્યે જીરો ટૉલરેન્સની નીતિ છે. હું દેશવાસીઓને આશ્વસ્ત કરવા માંગુ છું કે સરકાર દરેક જરૂરી પગલાં ભરશે. અમે ના ફક્ત આ કૃત્યને અંજામ આપનાર દોષીઓ સુધી પહોંચીશું પરંતુ પડદા પાછળના લોકો સુધી પણ પહોંચીશું. આરોપીઓને જલદી જોરદાર અને સ્પષ્ટ જવાબ મળશે, હું દેશને આશ્વસ્ત કરવા માંગુ છું. આતંકવાદી હુમલા બાદ કેન્દ્રની મોદી સરકાર એલર્ટ મોડ પર આવી ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાઉદી અરબનો પ્રવાસ અધૂરો છોડીને દિલ્હી આવ્યા ગયા અને આવતાં જ એક્શન મોડમાં જોવા મળ્યા. દિલ્હીમાં સાંજે ૬ વાગે સીસીએસની બેઠક યોજાઈ રહી છે. આ દરમિયાન આતંકી હુમલાથી બદલાતી પરિસ્થિતિ વચ્ચે ત્રણેય સેનાઓના પ્રમુખોએ પણ રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે તે દરેક પરિસ્થિતિ માટે તૈયાર છે. સૂત્રોનું કહેવું છે કે રક્ષા મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં દિલ્હીમાં યોજાયેલી હાઈ લેવલ મીટિંગમાં જમ્મુ કાશ્મીરની સમગ્ર સ્થિતિની સમીક્ષા કરવામાં આવી. આ બેઠકમાં પ્રમુખ રક્ષા અધ્યક્ષ સીડીએસ જનરલ અનિલ ચૌહાણ, ત્રણેય સેનાઓના પ્રમુખ અને રક્ષા સચિવે ભાગ લીધો હતો. આ બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ પણ સામેલ હતા. સરંક્ષણ મંત્રી રાજનાથ સિંહે જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના પરિણામોની ચર્ચા કરવા અને કેન્દ્રશાસિત પ્રદેશમાં સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ અને ત્રણેય સૈન્યના પ્રમુખ તથા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે સાથે ઈમરજન્સી બેઠક કરી હતી. આ બેઠક લગભગ અઢી કલાક સુધી ચાલી હતી. આ પહેલા આજે સંરક્ષણ મંત્રીને પહલગામ અને સમગ્ર જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા પરિસ્થિતિ વિશે આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને તેમના નૌકાદળના સમકક્ષ એડમિરલ દિનેશ ત્રિપાઠી દ્વારા માહિતી આપવામાં આવી હતી. બેઠકમાં જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા પરિસ્થિતિ સંબંધિત તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં NSA અજિત ડોભાલ અને ત્રણેય સૈન્ય પ્રમુખો તથા CDS સાથે જમ્મુ-કાશ્મીરની સુરક્ષા પરિસ્થિતિ સંબંધિત તમામ મુદ્દાઓ પર અઢી કલાક સુધી બેઠક ચાલી હતી. બાદમાં તેઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સુરક્ષા બાબતોની કેબિનેટ સમિતિની બેઠકમાં હાજરી આપશે. CCS રાષ્ટ્રીય સુરક્ષા પર નિર્ણય લેતી સર્વોચ્ચ સંસ્થા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાઉદી અરેબિયાનો પ્રવાસ અધવચ્ચે છોડીને દિલ્હી પરત ફર્યા છે. બીજી તરફ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શ્રીનગરમાં મૃતકોને શ્રદ્ધાંજલિ આપી અને તેમના પરિવારો સાથે મુલાકાત કરી. આ વચ્ચે હુમલાખોરોની તલાશ તેજ કરી દેવામાં આવી છે. સેનાની સાથે CRPF અને જમ્મુ-કાશ્મીર પોલીસ પણ સર્ચ ઓપરેશનમાં સામેલ છે. આર્મીની વિક્ટર ફોર્સની સાથે-સાથે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના સૈનિકો હુમલાખોર આતંકવાદીઓની તલાશ કરી રહ્યા છે.

### આઘાત કે સામાજિક દબાણને કારણે કેસ કરવામાં વિલંબ થઈ શકે છે

# સગીરા પર રેપની ફરિયાદ કરવામાં વિલંબ કોઇ ગુનો નથી : દિલ્હી HC

**હાઇકોર્ટે ૧૦ વર્ષની પુત્રી પરના જાતિય હુમલાની સમયસર જાણ ન કરવા બદલ એક મહિલા સામેની કાનૂની કાર્યવાહીને રદ કરી હતી**

નવી દિલ્હી, તા.૨૩

દિલ્હી હાઈકોર્ટે એક ચુકાદામાં જણાવ્યું છે કે સગીર પરના જાતીય હુમલાની જાણ કરવામાં કોઈ વ્યક્તિ આઘાત અથવા સામાજિક દબાણને કારણે વિલંબ કરે તો તે પોક્સો કાયદા હેઠળ ગુનો બનતો નથી.હાઈકોર્ટે ૧૦ વર્ષની પુત્રી પરના જાતિય હુમલાની સમયસર જાણ ન કરવા બદલ એક મહિલા સામેની કાનૂની કાર્યવાહીને રદ કરી હતી. ૧૦ વર્ષની પુત્રી પર તેના પિતા અને પિતરાઈ ભાઈઓ જાતિય હુમલો કર્યો હતો, પરંતુ મહિલાએ આઘાત અને સામાજિક દબાણને કારણે તેની સમયસર પોલીસને જાણ કરી ન હતી.હાઈકોર્ટે જણાવ્યું હતું કે પોક્સો કાયદા હેઠળ ગુનાની જાણ કરવામાં વિલંબ બદલ કોઈ સામે કાર્યવાહી કરી શકાય નહીં. માતા પણ શારીરિક શોષણ અને ભાવનાત્મક એકલતાનો ભોગ બની હતી અને આખરે તેને મોટું વ્યક્તિગત જોખમ ઉઠાવીને કાનૂની કાર્યવાહીની હિંમત એકઠી કરી હતી. POCSO કાયદાની કલમ ૨૧નો હેતુ જાતીય ગુનાઓ ડામવાનો અને બાળકના શ્રેષ્ઠ હિતમાં સમયસર કાર્યવાહી સુનિશ્ચિત કરવાનો છે. તેનો હેતુ એવા લોકોને સજા કરવાનો નથી, જેઓ વ્યક્તિગત નબળાઈઓ હોવા છતાં, આખરે ગુનાની જાણ કરે છે.આઘાત અને સામાજિક દબાણમાંથી ઊભા થયેલા વિલંબ અને મૌનને જો ન્યાયાધીશો ગુનો ગણવાનું ચાલુ કરશે તો કાયદો પોતે જ જુલમનું સાધન બની જાય તેવું જોખમ છે. મહિલાએ ટ્રાયલ કોર્ટના ડિસેમ્બર ૨૦૨૩ના આદેશને પડકાર્યો હતો. ટ્રાયલ કોર્ટે મહિલા સામે આ ધારાની કલમ ૨૧ (રીપોર્ટ કરવામાં નિષ્ફળતા) હેઠળ આરોપો ઘડવાનો આદેશ આપ્યો હતો.

### ૨ ભાવનગર અને ૧ સૂરતના વ્યક્તિનો પણ લેવાયો ભોગ

# પહલગામમાં આતંકી હુમલામાં માર્યા ગયેલા ૨૬ લોકોના નામ સામે આવ્યા

**આતંકીઓએ હુમલામાં તમામ પુરુષોને શિકાર બનાવ્યા છે**
**આતંકી હુમલાનો શિકાર મોટા ભાગના પર્યટકો થયા**

પહલગામ, તા. ૨૩

જમ્મુ કાશ્મીરના પહલગામમાં કાલે મંગળવારે થયેલા આતંકી હુમલામાં ૨૬ લોકોના મૃત્યુ થયા છે. જ્યારે કેટલાય લોકો ઘાયલ થયા છે. આતંકીઓએ આ હુમલામાં તમામ પુરુષોને શિકાર બનાવ્યા છે. આતંકી હુમલાનો શિકાર મોટા ભાગના પર્યટકો થયા છે. મરનારા લોકોમાં ગુજરાતના ૩ લોકો છે, જ્યારે તેમાં પહલગામના રહેવાસી સૈયદ આદિલ હુસૈન શાહનું પણ મૃત્યુ થયું છે.

આ હુમલામાં મહારાષ્ટ્રના ૫ લોકોના મૃત્યુ થયા છે. હેમંત સુહાસ જોશી અને સંજય લક્ષ્મણ લાલી મુંબઈના રહેવાસી હતા. જ્યારે અતુલ શ્રીકાંત મોની, સંતોષ જાગડા, કસ્તુબા ગાન્વોતે પણ મહારાષ્ટ્રના રહેવાસી છે. આતંકી હુમલામાં ઈન્દોરના સુશીલ નથાનિયલનું પણ મૃત્યુ થયું છે. તેઓ પોતાની પત્નીના જન્મદિવસ માટે કાશ્મીર ગયા હતા. સુશીલ એલઆઈસીના બ્રાન્ચ મેનેજર હતા.

મરનારા લોકોમાં પહલગામના સૈયદ આદિલ હુસૈન શાહનું પણ મૃત્યુ થયું છે. નેપાળના સુદીપ નુપાને પણ આ હુમલામાં શિકાર થયા અને તેમનું મૃત્યુ થઈ ગયું. આતંકીઓએ પહલગામાં ખાલી પુરુષોને જ ટાર્ગેટ બનાવ્યા છે. તેમણે મહિલાઓ પર ગોળી નથી ચલાવી.ગુજરાતથી આવેલા ૩ લોકોના મૃત્યુ થયા છે. તેમાં પિતા-પુત્ર પણ સામેલ છે. ગુજરાતના ભાવનગરના રહેવાસી યતેશ પરમાર અને તેમના દીકરા સુમિત પરમારનું મૃત્યુ થયું છે. આ ઉપરાંત સૂરતના શૈલેષ ભાઈ હિમ્મત ભાઈ કલાથિયા પણ માર્યા ગયા છે. આતંકી હુમલામાં મહારાષ્ટ્ર, ગુજરાત ઉપરાંત યૂપી, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ, હરિયાણા, ઓડિશા, કેરલ, ચંડીગઢ, કર્ણાટક અને અરુણાચલના લોકો શિકાર થયા છે.

### ઘાયલ થયેલા લોકોને ૨-૨ લાખ રૂપિયા અપાશે

# મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ મૃતકોના પરિવારજનોને વળતર આપવાની જાહેરાત કરી

**આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોને ૧૦-૧૦ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત**

જમ્મુ, તા. ૨૩

જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પહેલગામ આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોને ૧૦-૧૦ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે. CMO દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને ૨-૨ લાખ રૂપિયા આપવામાં આવશે. જ્યારે મામૂલી ઈજાગ્રસ્તોને ૧ લાખ રૂપિયાની રકમ આપવામાં આવશે.

કેન્દ્રશાસિત પ્રદેશના સીએમ ઓમર અબ્દુલ્લાએ પહેલગામ આતંકી હુમલાને ઘૃણાસ્પદ હુમલો ગણાવ્યો છે. તેમણે કહ્યું કે હું નિર્દોષ નાગરિકો પર બર્બર હુમલાથી ઊંડો આઘાત અનુભવું છું. જમ્મુ અને કાશ્મીરના સીએમ ઓમર અબ્દુલ્લાએ કહ્યું, ‘‘પહલગામમાં થયેલા જઘન્ય આતંકવાદી હુમલાથી ખૂબ દુઃખ થયું છે. નિર્દોષ નાગરિકો વિરુદ્ધ ક્રૂરતાના આ બર્બર અને મૂર્ખતાભર્યા કૃત્યને આપણા સમાજમાં કોઈ સ્થાન નથી. અમે આ ઘટનાની સખત નિંદા કરીએ છીએ.’’જમ્મુ અને કાશ્મીરના સીએમઓ કાર્યાલય વતી આ સંદર્ભમાં કહેવામાં આવ્યું હતું કે અમે અમૂલ્ય જીવ ગુમાવવા પર શોક વ્યક્ત કરીએ છીએ. આતંકવાદી હુમલામાં નિર્દોષ નાગરિકોના જાનહાનિની કોઈ રકમ ભરપાઈ કરી શકતી નથી. આ હોવા છતાં, જમ્મુ અને કાશ્મીર સરકારે મૃતકોના પરિવારજનોને ૧૦-૧૦ લાખ રૂપિયા, ગંભીર રીતે ઘાયલ દરેકને ૨ લાખ રૂપિયા અને મામૂલી ઘાયલોને ૧ લાખ રૂપિયાની સહાય આપવાનો નિર્ણય કર્યો છે.

સીએમઓએ પોતાના નિવેદનમાં કહ્યું છે કે પીડિતોને તેમના ઘરે પરત લઈ જવા માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. ઘાયલોને શ્રેષ્ઠ તબીબી સંભાળ પૂરી પાડવામાં આવી રહી છે. અમે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરીએ છીએ. જમ્મુ અને કાશ્મીર સરકાર આ દુઃખની ઘડીમાં તમારી સાથે છે. આતંકવાદ ક્યારેય અમારા સંકલ્પને તોડી શકશે નહીં. જ્યાં સુધી આ બર્બરતા પાછળના લોકોને ન્યાય આપવામાં નહીં આવે ત્યાં સુધી અમે આરામ કરીશું નહીં.

### ટ્રમ્પ-પુતિને પણ નિંદા કરી

# આતંકવાદીઓની કાયરતાપૂર્ણ હરકતને વિશ્વભરના દેશોએ વખોડી

**યુએસ રાષ્ટ્ર પ્રમુખ, રશિયન રાષ્ટ્ર પ્રમુખ પુતિન અને ઇટાલિયન વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ ભારત સાથે એકતા દર્શાવી છે**

જમ્મુ, તા. ૨૩

યુએસ રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયન રાષ્ટ્ર પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ઈટાલિયન વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ ભારત સાથે એકતા દર્શાવી છે. જેમાં પહલગામ, જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકી હુમલાની નિંદા કરી હતી. યુએસ રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે, પહલગામ આતંકી હુમલાની નિંદા કરતા, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું છે કે કાશ્મીરમાંથી ઘણા ખલેલ પહોંચાડનારા સમાચાર આવ્યા છે. અમેરિકા આતંકવાદ સામે ભારત સાથે નિશ્ચિતપણે ઊભું છે. અમે હુમલામાં માર્યા ગયેલા લોકોની આત્માઓની શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ.

અમેરિકાના ઉપ રાષ્ટ્રપતિ જેડી વાન્સ અને તેમના પત્ની ઉષા ચિલુકુરીએ પણ મંગળવારે પહલગામ આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. ભારતની યાત્રા પર આવેલા વાન્સે એક્ટ પર એક પોસ્ટમાં કહ્યું કે, ઉષા અને હું ભારતમાં પહલગામમાં ખતરનાક આતંકી હુમલાથી પીડિત લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરીએ છીએ. તેમણે કહ્યું કે, છેલ્લા કેટલાક દિવસમાં અમે આ દેશ અને તેમના લોકોની સુંદરતાથી અભિભૂત છીએ. આ ભયાનક હુમલામાં અમારો વિચારો અને પ્રાર્થનાઓ તેમની સાથે છે.

ઈટલીના વડાપ્રધાને પણ પહલગામ હુમલાની નિંદા કરતા ભારત સરકાર અને અહીંના લોકો સાથે એકજૂટતાની વાત કહી છે. મેલોનીએ પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.તો વળી રશિયાના રાષ્ટ્ર પ્રમુખ વ્લાદિમીર પુતિને એક્સ પર એક પોસ્ટમાં કહ્યું કે, આ ક્રૂર અપરાધનું કોઈ ઔચિત્ય નથી.

આશા કરીએ છીએ કે, હુમલાને અંજામ આપનારા અપરાધીઓને યોગ્ય સજા મળશે. તેમણે આગળ કહ્યું કે, તેઓ આતંકવાદ વિરુદ્ધ લડાઈમાં ભારતીયો સાથે પોતાની કટિબદ્ધતામાં ફરીથી ભાગીદાર માને છે.ઈઝરાઈલે કહ્યું હતું કે જમ્મુ -કાશ્મીરના પ્રવાસીઓ પરના આતંકવાદી હુમલા અંગે સાંભળ્યું તે ખૂબ જ દુખદ છે અને આતંકવાદ સામેની લડતમાં ભારત સાથે ઊભા છીએ. ઈઝરાઈલના વિદેશ પ્રધાન ગિડોન સારે એક્સ પર આ હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે જમ્મુ -કાશ્મીરના પહલગામમાં પ્રવાસીઓ પર આતંકવાદી હુમલો ખૂબ જ દુખદ છે. અમારી સંવેદના પીડિતો અને તેમના પરિવારો સાથે છે.

દરમિયાન, સંયુક્ત આરબ અમીરાત વિદેશ મંત્રાલયે પણ આતંકવાદી હુમલાની ભારપૂર્વક નિંદા કરી હતી. તેમણે એવું કહ્યું કે યુએઈ આ ગુનાહિત કૃત્યોની સખત નિંદા કરે છે અને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરીને સુરક્ષા અને સ્થિરતાને નબળી બનાવવા માટે તમામ પ્રકારના આતંકવાદ ફગાવે છે.

અહીં ઉલ્લેખનિય છે કે, કાશ્મીરના પહલગામ શહેરની નજીક મિનિ સ્વિટ્ઝર્લેન્ડ તરીકે ઓળખાતા પર્યટન સ્થલ પર મંગળવાર બપોરે આતંકી હુમલામાં ૨૬ લોકોના મોત થઈ ગયા છે. જેમાં મોટા ભાગના પર્યટકો છે.

### હુમલાના સ્થળેથી હાઈટેક કોમ્યુનિકેશન સાધનો મળ્યા

# આતંકવાદીઓના આખા શરીર પર બોડી કેમેરા લગાવવામાં આવ્યા હતા

**બે આતંકવાદીઓ પશ્તો ભાષામાં વાત કરી રહ્યા હતા**

પહેલગામ, તા.૨૩

હવે પહલગામ આતંકી હુમલાને લઈને ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે અને આ આતંકી હુમલાને લઈને મોટો ખુલાસો થયો છે, ૨૬ નિર્દોષ લોકોની ક્રૂરતાથી હત્યા કરનારા ચાર આતંકીઓની તસવીરો સામે આવી છે. મળતી માહિતી મુજબ, બે આતંકવાદીઓ પશ્તો ભાષામાં વાત કરી રહ્યા હતા. હુમલો કરનારા આ બે આતંકવાદીઓ પાકિસ્તાની હોવાનું કહેવાય છે, તેમની ઓળખ થઈ ગઈ છે. આમાંથી એક આતંકી આસિફ શેખ જૈશ-એ-મોહમ્મદનો આતંકી હોવાનું કહેવાય છે. ચારમાંથી ત્રણ આતંકીઓના નામ પણ સામે આવ્યા છે. તેઓના કોડ નેમ હતા, આસિફ ફૌજીનું નામ મુસા, સુલેમાન શાહનું નામ યુનુસ, અબુ તલ્હાનું કોડ નેમ આસિફ હતું, ત્રણેય આતંકવાદીઓના આ કોડ નેમ હતા.સૂત્રોના જણાવ્યા અનુસાર આતંકવાદીઓએ બોડી કેમ્સ પહેર્યા હતા અને તેમણે સમગ્ર ઘટનાનો વીડિયો બનાવ્યો હતો. આતંકવાદીઓએ પહેલા પ્રવાસીઓને માથું નમાવવા કહ્યું અને પછી એકે-૪૭ અને અમેરિકન એમ-૧૪ રાઈફલોથી ગોળીબાર શરૂ કર્યો. તપાસ એજન્સીઓએ ત્રણેય શકમંદોના સ્કેચ પણ જાહેર કર્યા હતા, જેના પછી તરત જ ચાર આતંકવાદીઓની તસવીરો પણ સામે આવી છે. પહલગામ હુમલાની તપાસ કરી રહેલી ગુપ્તચર એજન્સીઓને ઘટના સ્થળની નજીક ખૂબ જ હાઈટેક કોમ્યુનિકેશન સાધનો મળ્યા છે, જે દર્શાવે છે કે આતંકવાદીઓને ક્યાંક બહારથી લોજિસ્ટિકલ સપોર્ટ અને સહયોગ મળી રહ્યો હતો. ગુપ્તચર એજન્સીઓએ દાવો કર્યો છે કે હુમલાખોર આતંકવાદીઓ પાકિસ્તાનમાં બેઠેલા ઓપરેટિવ્સના સીધા સંપર્કમાં હતા અને ત્યાં બેઠેલા તેમના આકાઓ તમામ માહિતી લાઈવ મેળવી રહ્યા હતા.

### સુરક્ષામાં વધારો કરાયો

# પહલગામ હુમલા પછી દિલ્હી-મુંબઈ અને યુપીમાં હાઈ એલર્ટ

**પહેલગામ હુમલા બાદ પોલીસ અધિકારીઓએ મુખ્ય પ્રવાસી કેન્દ્રો અને બોર્ડર ક્રોસિંગ પર સુરક્ષા વધારી દીધી**

નવી દિલ્હી, તા. ૨૩

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલામાં ૨૬ લોકોના મૃત્યુ થયા છે. આ ઘટના બાદ યુપી, દિલ્હી અને મુંબઈમાં હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

આ હુમલાને ૨૦૧૯ના પુલવામા હુમલા બાદ ઘાટીમાં સૌથી ઘાતક હુમલો ગણાવવામાં આવી રહ્યો છે. પોલીસ અધિકારીઓએ મુખ્ય પ્રવાસી કેન્દ્રો અને બોર્ડર ક્રોસિંગ પર સુરક્ષા વધારી દીધી છે. ઉત્તર પ્રદેશ પોલીસને ખાસ કરીને ધાર્મિક સ્થળો પર સતર્ક રહેવા માટે કહેવામાં આવ્યું છે.દિલ્હી પોલીસને ટુરિસ્ટ સ્પોટ અને અન્ય મહત્ત્વના સ્થળો પર કડક તકેદારી રાખવા માટે પણ સૂચના આપવામાં આવી છે. દિલ્હી પોલીસના સૂત્રોએ આ અંગે માહિતી આપી છે. બીજી તરફ મુંબઈમાં પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે. જયપુર અને અમૃતસરમાં પણ પોલીસ એલર્ટ મોડ પર છે. ઉત્તર પ્રદેશના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) પ્રશાંત કુમારે રાજ્યના તમામ પોલીસ કમિશનરો અને જિલ્લા મેજિસ્ટ્રેટને સતર્ક રહેવાના આદેશો જારી કર્યા છે.

અયોધ્યા, કાશી અને મથુરા જેવા ધાર્મિક સ્થળો પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. ડીજીપીએ તમામ જિલ્લામાં દેખરેખ વધારવા સૂચના આપી છે.

ઘાતક આતંકવાદી હુમલાની નિંદા કરવા માટે વિવિધ સંગઠનોએ વિરોધ પ્રદર્શન કરવાનું નક્કી કર્યું અને પરિણામે જમ્મુમાં પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે. પહેલગામ આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકોમાં યુપી, મહારાષ્ટ્ર, બંગાળ, કર્ણાટક, બિહાર, મધ્યપ્રદેશ, હરિયાણાના લોકોનો સમાવેશ થાય છે. આ હુમલામાં આતંકવાદીઓએ તે લોકોને જ નિશાન બનાવ્યા જેઓ તેમના પરિવાર સાથે ફરવા ગયા હતા. તેઓએ લોકોને તેમના નામ પૂછ્યા પછી ગોળી મારી હતી.

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને દેહરાદૂનમાં પણ એલર્ટ જારી કરવામાં આવ્યું છે અને સમગ્ર જિલ્લામાં સઘન તપાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. પોલીસે અહીં જણાવ્યું કે ઉત્તરાખંડના પોલીસ મહાનિર્દેશકની સૂચના પર દહેરાદૂન જિલ્લામાં સઘન ચેકિંગ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે અને જિલ્લાની સરહદો અને આંતરિક માર્ગો સહિત તમામ મુખ્ય સ્થળોએ પોલીસ દ્વારા દરેક વાહન અને વ્યક્તિની તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત પોલીસ અધિક્ષક વિકાસનગર અને ઋષિકેશ દ્વારા પણ પોતપોતાના ક્ષેત્રમાં પોતે હાજર રહીને પોલીસ ચકાસણીની સમીક્ષા કરવામાં આવી રહી છે.

# તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના એક્ટરે આત્મહત્યા કરી લીધી

મુંબઈ, તા. ૨૩

ટેલિવિઝન જગતમાંથી એક દુઃખદ સમાચાર આવ્યા છે. અભિનેતા લલિત મનચંદાએ આત્મહત્યા કરી લીધી છે. ૨૧ એપ્રિલના રોજ, અભિનેતાનો મૃતદેહ તેમના મેરઠ સ્થિત ઘરમાં ફાંસીથી લટકતો મળી આવ્યો હતો. જોકે, આ સમય દરમિયાન તેની પાસેથી કોઈ સુસાઈડ નોટ મળી આવી નથી. આ અભિનેતા ‘તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા’, ‘ક્રાઈમ પેટ્રોલ’, ‘યે રિશ્તા ક્યા કહેલાતા હે’, ‘ઈન્ડિયાઝ મોસ્ટ વોન્ટેડ’ જેવી સિરિયલો અને શોમાં જોવા મળ્યા હતા. લલિત મનચંદાના નિધનથી ટીવી ઈન્ડસ્ટ્રી અને તેમના ચાહકોને ખૂબ જ આઘાત લાગ્યો છે. સિને એન્ડ ટીવી આર્ટિસ્ટ એસોસિએશન એ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોસ્ટ કરીને લલિતને શ્રદ્ધાંજલિ આપી છે. અભિનેતાનો ફોટો શેર કરતા એસોસિએશને લખ્યું, ‘CINTAA લલિત મનચંદા ના નિધન પર શોક વ્યક્ત કરે છે.’ પોલીસે ૩૬ વર્ષીય લલિત મનચંદાના મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે.તપાસમાં જાણવા મળ્યું છે કે અભિનેતા માનસિક રીતે તણાવમાં હતા. એક અહેવાલ મુજબ, લલિત મુંબઈમાં આર્થિક તંગીનો સામનો કરી રહ્યા હતા. આવી સ્થિતિમાં, તે લગભગ છ મહિના પહેલા તેના પરિવાર સાથે મેરઠ પાછો ફર્યો હતો. પોલીસે લલિત મનચંદાના પરિવાર અને નજીકના મિત્રોની પૂછપરછ શરૂ કરી છે. પોલીસ આ મામલાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે.

# આતંકી હુમલા બાદ મિની સ્વિત્ઝરલેન્ડ બન્યું સુમસામ

પહેલગામ, તા.૨૩

પહેલગામમાં આતંકીઓએ પ્રવાસીઓ પર ફાયરિંગ કર્યું હતું અને આ ઘટનામાં ૨૭ લોકોના મોત થયા છે. સેનાની વર્ધીમાં આવેલા આતંકીઓએ પહેલગામની બૈસારન ઘાટીમાં પ્રવાસીઓને પહેલા તેમનો ધર્મ પૂછ્યો અને પછી ગોળી મારી હતી. ૨૭ મૃતકોમાં ૩ ગુજરાતીના પણ મોત થયા છે જ્યારે ૨ વિદેશી નાગરિક પણ સામેલ છે. આ આતંકી હુમલા બાદ ડરનો માહોલ છે અને પર્યટકો ખીણ છોડીને ઘરે પરત ફરવા લાગ્યા છે.જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા ઘાતક આતંકવાદી હુમલા બાદ, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ પુષ્ટિ આપી હતી કે નાગરિક ઉડ્ડયન મંત્રાલયે તમામ એરલાઇન ઓપરેટરોને હવાઈ ભાડામાં વધારો ન કરવા કડક સૂચનાઓ જારી કરી છે. બુધવારે, શ્રીનગરથી સવારે ૬ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધી ૨૦ ફ્લાઇટ્સ ચલાવવામાં આવી હતી, જેમાં કુલ ૩,૩૩૭ મુસાફરો હતા.તેમણે લખ્યું કે, "ગઈકાલે પહેલગામમાં થયેલા દુઃખદ આતંકવાદી હુમલા પછી આપણા મહેમાનોને ખીણ છોડીને જતા જોઈને ખૂબ જ દુઃખ થાય છે, પરંતુ તે જ સમયે અમે સંપૂર્ણપણે સમજીએ છીએ કે લોકો ખીણ કેમ છોડવા માંગે છે." "જોકે, DGCA અને નાગરિક ઉડ્ડયન મંત્રાલય વધારાની ફ્લાઇટ્સની વ્યવસ્થા કરવા માટે કામ કરી રહ્યા છે." ઓમર અબ્દુલ્લાએ શ્રીનગર અને જમ્મુ વચ્ચે ટ્રાફિકને સરળ બનાવવાના નિર્દેશો આપ્યા છે જેથી પ્રવાસી વાહનોને ખીણ છોડવામાં મદદ મળી શકે. તેમણે એમ પણ કહ્યું કે આ સમયે ખીણમાં વાહનોની અવરજવરની મંજૂરી નથી.ભારતીય ઉડ્ડયન મંત્રાલયે ખીણમાંથી પ્રવાસીઓને તેમના ઘરે પાછા ફરવાની માંગ પર એક એડવાયઝરી જારી કરી છે. જેમાં મંત્રાલયે કહ્યું છે કે પ્રવાસીઓની ઘરે પાછા ફરવાની માંગમાં અચાનક વધારો થવાને કારણે, તેમણે એરલાઈન્સને તાત્કાલિક વધારાની ફ્લાઈટ્સની વ્યવસ્થા કરવા જણાવ્યું છે. મંત્રાલયે એરલાઈન્સને ટિકિટ રદ કરવા અથવા ફરીથી બુક કરવા બદલ કોઈ દંડ ન વસૂલવાનો નિર્દેશ આપ્યો છે.

# પહલગામ આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકોને અમિત શાહે શ્રદ્ધાંજલિ આપી

પહલગામ, તા. ૨૩

પહલગામમાં મંગળવારે થયેલા આતંકી હુમલા બાદ કાશ્મીર ઘાટી સહિત સમગ્ર દેશમાં શોક ફેલાયેલો છે. બુધવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શ્રીનગરમાં પોલીસ નિયંત્રણ કક્ષ બહાર એક માર્મિક સમારંભમાં પુષ્પાંજલિ અર્પણ કરી પીડિતોને શ્રદ્ધાંજલિ આપી હતી.

આ દુર્ઘટના જેણે ફક્ત કાશ્મીર જ નહીં પરંતુ સમગ્ર દેશને હચમચાવી નાખ્યો હતો, જેમાં નિર્દોષ પ્રવાસીઓ માર્યા ગયા હતા, જે ૨૦૧૯ માં કલમ ૩૭૦ રદ કર્યા પછીના સૌથી મોટા આતંકવાદી હુમલાઓમાંનો એક હતો. મંગળવારે અગાઉ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે સાંજે શ્રીનગર પહોંચ્યા પછી પહેલગામ આતંકવાદી હુમલા બાદ તમામ એજન્સીઓ સાથે ઉચ્ચ સ્તરીય સુરક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. તેમણે અગાઉ કહ્યું હતું કે આ કાયરતાપૂર્ણ આતંકવાદી કૃત્યમાં સામેલ લોકોને બક્ષવામાં આવશે નહીં. અમિત શાહે આ ઘટના અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પણ જાણ કરી હતી. ગૃહમંત્રી અમિત શાહે ટ્વિટર પર એક પોસ્ટમાં કહ્યું, ‘‘જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલાથી દુઃખી છું. મારી સંવેદનાઓ મૃતકોના પરિવારના સભ્યો સાથે છે. આ જઘન્ય આતંકવાદી કૃત્યમાં સામેલ લોકોને છોડવામાં આવશે નહીં અને અમે ગુનેગારો સામે કડક કાર્યવાહી કરીશું અને તેમને સૌથી કડક સજા આપીશું. આ ઘટના વિશે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને માહિતી આપી અને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજી.’’

### ગુજરાતના વિવિધ સ્થળોની મુસાફરી કરવાનો અનેરો અવસર

# ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા 'મન ફાવે ત્યાં ફરો' યોજના શરૂ કરવામાં આવી

**આ યોજનાનો લાભ નિગમના કોઈપણ બસ સ્ટેશન-કંટ્રોલ પોઈન્ટ ઉપરથી કામકાજના દિવસોમાં મેળવી શકાશે**

અમદાવાદ,તા.૨૩

ઉનાળાના વેકેશનમાં રાજ્યના નાગરીકો ગુજરાતની કલા-સંસ્કૃતિ-પ્રવાસન સ્થળોની મુલાકાત કરી શકે તેમજ ઉદ્યોગ એકમો સાથે સંકળયેલા નાગરીકો ગુજરાતમાં પોતાના ઉદ્યોગને વિકસાવવા એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં ફરી શકે તે માટે ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા 'મન ફાવે ત્યાં ફરો' યોજના શરૂ કરવામાં આવી છે. છેલ્લા એક વર્ષમાં 'મન ફાવે ત્યાં ફરો' યોજનાનો સૌથી વધુ લાભ અમદાવાદ, રાજકોટ, મહેસાણા અને સુરતનાં મુસાફરોએ લીધો છે. જ્યારે છેલ્લા પાંચ વર્ષમાં ૨૫૮૦ મુસાફરોના પાસ ઈસ્યુ કરીને નિગમે રૂ.૨૧ લાખથી વધુની આવક મેળવી છે, એમ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની યાદીમાં વધુમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર આ યોજના હેઠળ મુસાફરોએ એસ.ટીની લોકલ-એક્સપ્રેસ-ગુર્જરનગરી બસોમાં સાત દિવસ મુસાફરી માટે પુખ્તવયના નાગરીકો રૂ.૧૫૯૫ અને ૪ દિવસની મુસાફરી રૂ.૯૩૫ ભરીને કરી શકે છે, જ્યારે બાળકો ૭ દિવસની મુસાફરી રૂ.૮૦૦ અને ૪ દિવસની મુસાફરી રૂ.૪૭૦ ભરી એસ.ટીની બસોમાં મુસાફરી કરી શકે છે. મુસાફરોએ લક્ઝરી-નોન એ.સી સ્લીપર કોચમાં સાત દિવસની મુસાફરી કરવા પુખ્તવયના નાગરીકોએ રૂ.૧૮૭૦ અને ચાર દિવસની મુસાફરી કરવા રૂ.૧૦૪૫ ચૂકવવાના રહેશે જ્યારે બાળકોને ૭ દિવસની મુસાફરી કરવા રૂ.૯૩૫ અને ૪ દિવસની મુસાફરી રૂ.૫૨૫ ચૂકવવાના રહેશે. છઝ સીટર બસોમાં પુખ્તવયનાં નાગરીકો સાત દિવસ મુસાફરી રૂ.૩૬૮૫ અને ૪ દિવસની મુસાફરી રૂ.૨૧૪૫ ભાડું આપીને કરવાની રહેશે. બાળકોએ સાત દિવસ મુસાફરી રૂ.૧૮૪૫ અને ચાર દિવસની મુસાફરી રૂ.૧૦૭૫ ભાડું આપીને કરવાની રહેશે. વોલ્વો સીટર બસ માટે પુખ્તવયના નાગરીકો સાત દિવસનું ભાડું રૂ.૫૬૧૦ અને ચાર દિવસની મુસાફરી રૂ.૩૨૪૫ ચૂકવીને કરી શકે છે. જ્યારે બાળકોએ સાત દિવસની મુસાફરી રૂ.૨૮૦૫ ચાર દિવસની મુસાફરી રૂ.૧૬૨૫ ખર્ચીને કરવાની રહેશે.

આ યોજનાનો લાભ નિગમના કોઈપણ બસ સ્ટેશન-કંટ્રોલ પોઈન્ટ ઉપરથી કામકાજના દિવસોમાં મેળવી શકાશે. આ યોજનાનો પાસ અન્ય વ્યક્તિને તબદિલ કરી શકાશે નહિ, પાસધારક પોતે જ પ્રવાસ કરી શકશે.

પ્રવાસ રદ કરવાના સંજોગોમાં પાસ શરુ થવાના ૧ દિવસ અગાઉ પાસ રદ કરવામાં આવે તો જરૂરી કેન્સલેશન ચાર્જ કાપી બાકી રકમ પરત કરવામાં આવશે. નિગમની એક્સ્ટ્રા બસોમાં આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી. પ્રવાસ દરમ્યાન મુસાફરે ઓળખકાર્ડ અને પાસ સાથે રાખવાનો રહેશે તેમજ આ યોજનામાં પાસધારક પાસેથી ટોલટેક્ષની રકમ ફરજ ઉપરના કંડકટરે અલગથી વસુલ કરવાની રહેશે.

### હથિયારોનો જથ્થો-પાકિસ્તાની ચલણી નોટો મળી

# ઉરીમાં ઘૂસણખોરીનો પ્રયાસ કરનાર બે આતંકવાદી ઠાર

**ભારતીય સેનાએ બારામુલ્લાના હાજી પીર સેક્ટરમાં હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો હતો**

ઉરી,તા.૨૩

જમ્મુ અને કાશ્મીરના પહલગામમમાં ગઈકાલે મંગળવારે (૨૨ એપ્રિલ, ૨૦૨૫) પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલા બાદ સેનાના જવાનોએ આજે બુધવારે ઉત્તર કાશ્મીરના ઉરીમાં ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. આ દરમિયાન એકાઉન્ટરમાં બે આતંકવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા હતા. જેમાં ભારતીય સેનાએ બારામુલ્લાના હાજી પીર સેક્ટરમાં હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો હતો.

જમ્મુ-કાશ્મીરના પહલગામમમાં ગઈકાલે મંગળવારે પર્યટકો પર આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં ૨૮ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે આજે બુધવારે આતંકવાદીઓ ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં ઉરી સેક્ટરમાં ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો. જોકે, સેનાના જવાનોએ આતંકવાદીઓના આ પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. જ્યાં આતંકવાદીઓ અને સૈનિકો વચ્ચે એકાઉન્ટર થયું હતું. જેમાં બે આતંકવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા હતા. ભારતીય સેનાએ બારામુલ્લાના હાજી પીર સેક્ટરમાં હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો છે. જમ્મુ અને કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ કર્યો હતો. સેના દ્વારા જપ્ત કરવામાં આવેલા હથિયારો અને દારૂગોળામાં રાઈફલ, જીવતા કારતૂસ, મેગજિન અને પાકિસ્તાની કરન્સી મળી આવી હતી.

માહિતી આપતાં, ભારતીય સેનાએ જણાવ્યું હતું કે, આજે બુધવારે જમ્મુ અને કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો. X પરની એક પોસ્ટમાં, ચિનાર કૉર્પ્સે જણાવ્યું હતું કે ૨૩ એપ્રિલ ૨૦૨૫ના રોજ, લગભગ 2-3 UAH આતંકવાદીઓએ બારામુલ્લા(ઉત્તર કાશ્મીરમાં)ના ઉરી નાલ્લામાં સરજીવાનના સામાન્ય વિસ્તારમાંથી ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો.

### પહલગામનો બદલો લેવા કોંગ્રેસ અધ્યક્ષે મોદી સરકારને અપીલ કરી

# પૂરેપૂરી તાકાત લગાવી દો, અમે સાથે છીએ : ખડગે

**આતંકવાદીઓએ નિર્દોષ પર્યટકોની હત્યા કરી નાખી છે, તેનાથી ઊંડો આઘાત લાગ્યો છે : કોંગ્રેસ અધ્યક્ષ ખડગે**

નવી દિલ્હી, તા.૨૩

પહલગામમમાં આતંકી હુમલાની કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આકરા શબ્દોમાં ટીકા કરી છે. સોશિયલ સાઈટ એક્સ પર ખડગેએ લખ્યું કે, "જમ્મુ કાશ્મીરના પહલગામમમાં આતંકવાદીઓએ નિર્દોષ પર્યટકોની હત્યા કરી નાખી છે. તેનાથી, આતંકી હુમલાથી તેમને ઊંડો આઘાત લાગ્યો છે. કોંગ્રેસ પાર્ટી કડક શબ્દોમાં આ કાયરતાપૂર્ણ ઘટનાની નિંદા કરે છે. તેમણે કહ્યું કે, આતંકીઓનો આ હુમલો આપણા દેશની અખંડિતતા અને એકતા પર કાયરતાપૂર્ણ હુમલો છે."

તેમણે કહ્યું કે, "વર્ષ ૨૦૦૦માં છત્તીસગઢપુરામાં આતંકી હુમલો થયો હતો, તેના ૨૫ વર્ષ બાદ આટલો મોટો હુમલો થયો છે. જે પણ નિર્દોષ નાગરિકોને મારે છે, તે ક્યારેય માણસ હોઈ શકે નહીં."

ખડગેએ લખ્યું કે, "તેમણે કાલે રાતે ગૃહમંત્રી અમિત શાહ, જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા અને જમ્મુ કાશ્મીર કોંગ્રેસના અધ્યક્ષ સહિત અન્ય વરિષ્ઠ નેતાઓ સાથે આ મુદ્દા પર વાતચીત કરી છે." તેમણે કહ્યું કે, "આતંકી હુમલાને લઈને ગુરુવાર સવારે ૧૧ વાગ્યે અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીની કાર્યસમિતિની બેઠક યોજાશે. આ બેઠકમાં આ મુદ્દા પર ચર્ચા થશે," ખડગેએ સ્પષ્ટ કહ્યું કે, "આ સમયે કોઈ રાજનીતિનો નથી. આ હુમલામાં જે પર્યટકો માર્યા ગયા છે, તેમને ન્યાય અપાવવાનો સમય છે." ખડગેએ કહ્યું કે, "તેમણે જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી સાથે વાત કરી અનુરોધ કર્યો કે, જે પણ પર્યટક ત્યાંથી પરત ફરવા માગે છે, તેમને પરત ફરવાની વ્યવસ્થા કરો. તેમણે આ અંગે ગૃહમંત્રી અમિત શાહ સાથે પણ વાત કરી છે."

તેમણે કહ્યું કે, "ગરમી હજુ શરૂ થઈ છે અને આ સમયે પર્યટકો ત્યાં જવાનું શરૂ કરે છે. આ જમ્મુ કાશ્મીરની અર્થવ્યવસ્થા અને ત્યાંના લોકોની આવકનું સાધન છે. આ આતંકી હુમલાથી ત્યાંની સ્થાનિક અર્થવ્યવસ્થામાં ભારે નુકસાન થશે. તેથી જરૂરી છે કે ભારત સરકાર તેમની મદદ કરે. આ સમય, આપણા બધા એક છીએ. અમે આતંકવાદ વિરુદ્ધ એકજૂટ છીએ."તેમણે કહ્યું કે, "આ હુમલાથી આખો દેશ સ્તબ્ધ છે. પાકિસ્તાની આતંકવાદી સંગઠને આ ઘટનાની જવાબદારી સ્વીકારી છે. તેનો જડબાતોડ જવાબ આપવો જોઈએ. તેઓ સરકારને અપીલ કરે છે કે, બધી તાકાત લગાવી આતંકવાદીઓને શોધી કાઢો."

### પહલગામ આતંકવાદી હુમલાના પગલે

# સોમનાથ-અંબાજી- દ્વારકા સહિતના મંદિરોની સુરક્ષા વધારવામાં આવી

**અમદાવાદ સહિત રાજ્યભરમાં એલર્ટ જાહેર કરાયું છે**

અમદાવાદ, તા.૨૩

જમ્મુ કાશ્મીરના પહલગામમાં મંગળવારે થયેલા આતંકવાદી હુમલામાં ૨૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. જેમાં ત્રણ ગુજરાતીઓનો પણ સમાવેશ થાય છે. આતંકવાદી હુમલાને પગલે દેશભરમાં હાઈએલર્ટ આપી દેવામાં આવ્યું છે, ત્યારે અમદાવાદ સહિત રાજ્યભરમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સુરક્ષા એજન્સીઓ અને ગુજરાત પોલીસે સતર્ક થઈ ગઈ છે. અંબાજી, દ્વારકા અને સોમનાથ સહિતના મંદિરોમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. રાજ્યભરના રેલવે સ્ટેશન અને એરપોર્ટ ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

આ સાથે જ રાજ્યભરમાં પોલીસ ચેકીંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. શંકાસ્પદ લોકો પર નજર રાખવામાં આવી રહી છે. રાજ્યના બોર્ડર વિસ્તારોમાંની સાથે સાથે સંવેદનશીલ સ્થળો પર વધારાની પોલીસ ટુકડી ગોઠવી દેવામાં આવી છે. અવર-જવર કરી રહેલા વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આતંકવાદી હુમલાને પગલે રાજ્યના મહત્ત્વના ગણતા ધાર્મિક સ્થળોએ સુરક્ષા વધારી દેવામાં આવી છે. જેમાં ખાસકરીને સોમનાથ, દ્વારકા, અંબાજી, પાવાગઢ સહિતના ધાર્મિક સ્થળોએ પોલીસની ટુકડીઓ ગોઠવી દેવામાં આવી છે.

સોમનાથ અને દ્વારકા દરિયા કિનારે આવેલા હોવાથી હાઈ એલર્ટ આપવામાં આવ્યું છે. ગુજરાતની ત્રણેય સેનાઓને એલર્ટ કરી દેવામાં આવી છે. પાકિસ્તાની બોર્ડર નજીક હોવાથી ગુજરાત બોર્ડર પર પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે. બનાસકાંઠા એસપી અક્ષરાજ મકવાણાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લાને પાકિસ્તાની સરહદ અડીને આવેલી છે. બનાસકાંઠાના શક્તિપીઠ અંબાજી યાત્રાધામે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન કરવા આવતા હોય છે, ત્યારે આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખી મંદિરની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. અંબાજી મંદિરે એસઓજીની ટીમ અને સ્નાઈપરને સ્ટેન્ડ બાય કરી દેવામાં આવી છે. મંદિરમાં દર્શન કરવા આવતા તમામ શ્રદ્ધાળુઓનું સઘન ચેકિંગ કરવામાં આવશે. આતંકવાદી હુમલાની ઘટના વચ્ચે રાજ્યમાં શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે અમદાવાદમાં પણ સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં સઘન ચેકીંગ અભિયાન શરૂ કરી દેવામાં આવ્યો છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચ, એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ અને સ્થાનિક પોલીસ ચાંપતી નજર રાખી હતી. સોશિયલ પર સતત નજર રાખવામાં આવી રહી છે. જો કોઈપણ શંકાસ્પદ ગતિવિધિ જણાશે તો તાત્કાલિક પોલીસ કાર્યવાહી કરવામાં આવશે. પોલીસ પેટ્રોલિંગ પણ વધારી દેવામાં આવશે.

### ફાયરિંગની વિથ તોડફોડ

# સાંતલપુરમાં કાર ચાલકે ટોલપ્લાઝા પર તોડફોડ કરીને ફાયરિંગ કર્યું

**ટોલ બુથ પરથી ગાડી પસાર કરવા બાબતે કાર ચાલકે માથાકૂટ કરી હતી ત્યારબાદ કાર ચાલકે ટોલબુથના કોમ્પ્યુટર અને સીસીટીવીમાં પણ તોડફોડ કરી**

પાટણ,તા.૨૩

ગુજરાતમાં હાઈવે પર સ્થિત ટોલ બુથ પર અનેક વખત મારામારીના બનાવો પ્રકાશમાં આવતા હોય છે. ત્યારે ઉત્તર ગુજરાતના સાંતલપુર પાસે ભારતમાલા ટોલ પ્લાઝા પર ફાયરિંગ સાથે તોડફોડના મામલો સામે આવ્યો છે. આ ટોલ બુથ પરથી ગાડી પસાર કરવા બાબતે કાર ચાલકે માથાકૂટ કરી હતી. ત્યારબાદ કાર ચાલકે ટોલબુથના કોમ્પ્યુટર અને સીસીટીવીમાં પણ તોડફોડ કરી હતી. ટોલબુથના કર્મચારીઓને પણ માર મરાયો હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં પોલીસ દોડી ગઈ હતી અને વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે પાટણના સાંતલપુરમાં વરણોસરી ગામ નજીકથી પસાર થતા ભારતમાલા હાઈવે પર સ્થિત ટોલપ્લાઝા પર ફાયરિંગ અને તોડફોડનો મામલો સામે આવ્યો છે. આ ટોલ બુથ પરથી એક કાર ચાલકે કાર પસાર કરવા માટે ટોલ બુથના કર્મચારીઓ સાથે માથાકૂટ કરી હતી. ત્યાર બાદ ઉગ્ર બોલાચાલી થતાં કર્મચારીઓને માર માર્યો હતો. તે ઉપરાંત ટોલ બુથના કોમ્પ્યુટર અને સીસીટીવીમાં પણ તોડફોડ કરી હતી. I ઘટના બાદ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોચી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી. ટોલ બુથના કર્મચારીઓએ પોલીસને સમગ્ર હકિકત જણાવી હતી. કારના ચાલકે ટોલ બુથ પરથી કાર પસાર કરવા માટે ગાળા ગાળી કરી હતી. ત્યાર બાદ કર્મચારીઓ સાથે માથાકૂટ કરી હતી. ચર્ચા ઉગ્ર બનતાં ટોલબુથમાં કોમ્પ્યુટર અને સીસીટીવીમાં તોડફોડ કરી હતી.

### પહલગામ હુમલા પર પહેલીવાર બોલ્યું પાક.

# જવાબી કાર્યવાહીના ખૌફથી પાકિસ્તાનમાં હાઈ એલર્ટ

**પહલગામ આતંકી હુમલા બાદ હવે પાકિસ્તાનને જવાબી કાર્યવાહીનો ડર : પાકિસ્તાનમાં અત્યારે હાઈ એલર્ટ છે**

ઈસ્લામાબાદ, તા.૨૩

જમ્મુ અને કાશ્મીરમાં હુમલા બાદ જે પ્રકારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ એક્શનમાં આવ્યા છે તે જોતા પાકિસ્તાનમાં હડકંપ મચ્યો છે. મંગળવારની રાત પાકિસ્તાની સરકાર અને સેના બરાબર સૂઈ શકી નહીં. એવા સમાચાર છે કે પાકિસ્તાની એરફોર્સ યુનિટોને બોર્ડર નજીક તૈનાત કરવામાં આવી રહ્યા છે. સમગ્ર પાકિસ્તાન હાઈ એલર્ટ પર છે. તેમને ભાજપની જવાબી કાર્યવાહીનો ડર સતાવી રહ્યો છે. પાકિસ્તાનથી જે પ્રકારે રિપોર્ટ્સ આવી રહ્યા છે તેનાથી સ્પષ્ટ છે કે ઓછામાં ઓછા ૨૬ નિર્દોષ લોકોના મોત બાદ પાડોશી દેશ ડરે છે કે ભારત આતંકીઓ વિરુદ્ધ સૈન્ય કાર્યવાહી કરી શકે છે. આ બધા વચ્ચે પાકિસ્તાનના રક્ષામંત્રી ખ્વાજા આસિફે પહેલીવાર આ હુમલા વિશે નિવેદન આપ્યું છે.

એક ટીવી ચેનલ સાથે વાતચીતમાં પાકિસ્તાનના રક્ષામંત્રીએ તો અલગ વાર્તા કહેવાની શરૂ કરી દીધી. તેમણે ભારતના અનેક રાજ્યોના નામ લેતા આ હુમલાને ઘરેલુ સમસ્યા જણાવવાની કોશિશ કરી. જો કે દુનિયા પાકિસ્તાનની આ હરકતને સમજી ચૂકી છે. આ કોઈ નવી વાત નથી. પાકિસ્તાનના રક્ષામંત્રીએ કહ્યું કે પાકિસ્તાનને આ હુમલા સાથે કોઈ લેવાદેવા નથી. આ બધી ઘરેલુ વસ્તુઓ છે. આ ભારતના રાજ્યોના અંદરથી થયું છે. ખ્વાજા આસિફે વધુમાં કહ્યું કે ભારતના રાજ્યોમાં બળવા થઈ રહ્યા છે. એક નહીં, બે નહીં પરંતુ ડઝનો પ્રમાણે. નાગાલેન્ડથી લઈને કાશ્મીર સુધી. મણિપુરમાં, સાઉથમાં, છત્તીસગઢમાં દિલ્હીના શાસન વિરુદ્ધ બળવો થઈ રહ્યો છે. આ હોમ ગ્રોન છે. લોકો પોતાના હક માંગે છે. પાકિસ્તાનથી એવા ખબર છે કે સરહદ પાસે વાયુસેનાને સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે. ભારતીય હવાઈ ક્ષેત્રની બારીકાઈથી નિગરાણી માટે ડ્રોન વિમાનો તૈનાત કરાયા છે. પાકિસ્તાનની આ તૈયારીઓ તેમની અંદરના ડરને પણ છતો કરે છે. જે પુલવામા હુમલા બાદ બાલાકોટની જેમ ભારતીય એક્શનનો ખૌફ દેખાડે છે.

ભારતમાં પાકિસ્તાનના પૂર્વ રાજદૂત અબ્દુલ બાસિતે પણ સ્વીકાર્યું છે કે ભારત જવાબી કાર્યવાહી કરી શકે છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન કોઈ પણ ભારતીય એક્શનનો મુકાબલો કરવાની તૈયારી કરી રહ્યું છે. રિપોર્ટ્સ મુજબ બાસિતે માહોલ જોતા પોકળ ધમકી પણ આપી છે કે ભારતના કોઈ પણ પગલાનો પાકિસ્તાન તરફથી જવાબ મળી શકે છે.

### ૨૪ એપ્રિલે ભાવનગરથી ૨ ટ્રાવેલ્સની બસો જવાની હતી

# આતંકી હૂમલાને પગલે ભાવનગર કાર્નિવલ રદ

**ભાવનગરથી જમ્મુ કાશ્મીર જતી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ની બસો કેન્સલ કરવામાં આવી છે**

ભાવનગર,તા.૨૩

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હૂમલામાં ભાવનગરના બે સહિત ગુજરાતના ત્રણ પ્રવાસીઓના મૃત્યુ થયાં છે. જેમાં ભાવનગરના પિતા અને પુત્રનું પણ મૃત્યુ થયું છે. જેને લઈને આગામી ૨૯ એપ્રિલે યોજાનાર ભાવનગર કાર્નિવલને રદ કરવામાં આવ્યો છે. પિતા પુત્રના મૃત્યુ બાદ કાર્નિવલ સમિતિએ કાર્નિવલ રદ કરવાનો નિર્ણય લીધો છે. બીજી તરફ ભાવનગરથી જમ્મુ કાશ્મીર જતી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ની બસો કેન્સલ કરવામાં આવી છે.

ભાવનગરના ધારાસભ્ય જીતુ વાઘાણી દ્વારા પ્રેરિત ભાવનગરના જન્મ દિવસની ઉજવણી એટલે કે કાર્નિવલ મહોત્સવની ભવ્ય ઉજવણી બોરતળાવ ખાતે તા.૨૯ અને ૩૦ એપ્રિલના રોજ યોજાવાની હતી. પરંતુ ગઈકાલે જમ્મુ કાશ્મીરમાં થયેલા આતંકી હુમલામાં નિર્દોષ લોકોના મોત થયા અને લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટનાને લઈને ધારાસભ્ય જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે ભાવેણાનો જન્મોત્સવ એટલે કાર્નિવલ મહોત્સવની ઉજવણી મુલતવી રાખવામાં આવી છે.મૃતકોના આત્માને ભગવાન શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરવામાં આવી છે અને સમગ્ર દેશ તેમની સાથે છે.

આ ઉપરાંત જમ્મુ કાશ્મીરમાં બનેલી આતંકી ઘટના માં મૃત્યુ પામેલા લોકોના આત્માની શાંતિ માટે ધારાસભ્ય જીતુ વાઘાણીએ ભગવાનના ચરણોમાં પ્રાર્થના કરી છે અને ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થઈ જાય તે માટે સતત સંપર્કમાં છે.તે ઉપરાંત ભાવનગરથી જમ્મુ કાશ્મીર જતી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ની બસો કેન્સલ કરવામાં આવી છે.` ૨૪ એપ્રિલે ભાવનગરથી ૨ ટ્રાવેલ્સની બસો જવાની હતી. શિવ સાગર અને શ્રી હોલીડે નામની ટ્રાવેલ્સની ટુરની બસ જવાની હતી. જન્મોત્સવ સમિતિએ સર્વ સંમતિથી કાર્નિવલ મહોત્સવ મુલતવી રાખવાનું નક્કી કર્યું છે અને સાદગી પૂર્ણ રીતે મહારાજાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે.

### આતંકી હૂમલાને પગલે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે

# જમ્મૂ કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાનો અમદાવાદમાં વિરોધ

**બેનરો સાથે લોકોએ રોડ પર ઉતરીને વિરોધ કર્યો હતો આતંકવાદ વિરૂદ્ધ લોકોએ સુત્રોચ્ચાર કર્યા હતા**

અમદાવાદ,તા.૨૩

જમ્મુ કાશ્મીરમાં થયેલા આતંકી હૂમલામાં ૨૭ લોકોના મોત નિપજ્યાં છે. જેમા ત્રણ ગુજરાતી પ્રવાસીઓ પણ સામેલ છે. આ હૂમલાને પગલે અમદાવાદમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ છે. બેનરો સાથે લોકોએ રોડ પર ઉતરીને વિરોધ કર્યો હતો. આતંકવાદ વિરૂદ્ધ લોકોએ સુત્રોચ્ચાર કર્યા હતાં. આ હૂમલાને લોકો દ્વારા વખોડી નાંખવામાં આવ્યો હતો. આતંકવાદને નાબુદ કરો જેવા સુત્રોચ્ચાર કર્યા

પ્રાપ્ત વિગતો પ્રમાણે જમ્મુ કાશ્મીરમાં થયેલા હૂમલાનો અમદાવાદમાં વિરોધ થયો હતો. શહેરના ઈસનપુર વિસ્તારમાં લોકો બેનરો સાથે રોડ પર ઉતરી આવ્યા હતાં. પુરૂષો અને મહિલાઓએ ભારે સુત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો. લોકોએ પાકિસ્તાનને પાઠ ભણાવવાનો સમય પાકી ગયો છે તેવા નારા લગાવ્યા હતાં. આતંકવાદને નાબુદ કરો જેવા સુત્રોચ્ચાર કર્યા હતાં. આતંકી હૂમલાને પગલે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.ીજી તરફ જમ્મુ કાશ્મીરમાં થયેલા આતંકી હૂમલાના પગલે ગુજરાતી પ્રવાસીઓ અડગ છે. તમામ પ્રવાસીઓને સરકાર પર વિશ્વાસ છે. ફસાયેલા પ્રવાસીઓને પરત લાવવા માટે સરકારે તૈયારીઓ શરૂ કરી છે. તમામ પ્રવાસીઓને વિમાન મારફતે પરત લાવવામાં આવી રહ્યાં છે. સરકારે આ માટે કેટલાક મંત્રીઓને જવાબદારી સોંપી છે.

### રોબર્ટ વાડ્રાએ કહ્યું

# ધર્મ પૂછીને ગોળી મારી કારણ કે, એમને લાગે છે કે મુસ્લીમોને દબાવવામાં આવી રહ્યા છે

**આપણા દેશમાં, આપણે જોઈએ છીએ કે આ સરકાર હિન્દુત્વ વિશે વાત કરે છે અને લઘુમતીઓ અસહજ અને પરેશાની અનુભવે છે**

નવી દિલ્હી, તા.૨૩

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમમાં થયેલા આતંકવાદી હુમલાએ સમગ્ર દેશને સ્તબ્ધ કરી દીધો છે. આ હુમલાની શાસક અને વિપક્ષી પક્ષોના તમામ નેતાઓ દ્વારા આકરી ટીકા કરવામાં આવી છે. આ દરમિયાન, કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રા તરફથી આ મામલે એક નિવેદન આવ્યું છે. સમાચાર એજન્સી સાથે વાત કરતા રોબર્ટ વાડ્રાએ કહ્યું કે હું આ હુમલામાં જીવ ગુમાવનારા ૨૭ લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. તેમણે એક વિવાદાસ્પદ નિવેદન આપતા કહ્યું કે આ હુમલો દેશના વાતાવરણને કારણે થયો છે. ઉદ્યોગપતિ વાડ્રાએ કહ્યું, "મને ખૂબ જ ખરાબ લાગે છે અને આ આતંકવાદી કૃત્યમાં જીવ ગુમાવનારા લોકો પ્રત્યે મારી ઊંડી સંવેદના છે. આપણા દેશમાં, આપણે જોઈએ છીએ કે આ સરકાર હિન્દુત્વ વિશે વાત કરે છે અને લઘુમતીઓ અસહજ અને પરેશાની અનુભવે છે."

હુમલા પહેલા આતંકવાદીઓએ રેકી કરી હતી. તેઓએ હુમલા માટે રણનીતિ બનાવી અને પછી શસ્ત્રોની વ્યવસ્થા કરી. આ પછી તેણે હુમલો કર્યો. સુરક્ષા એજન્સીઓ હાલમાં હુમલા સાથે સંકળાયેલા દરેક ખૂણાની તપાસ કરી રહી છે. આ સાથે, સમગ્ર વિસ્તારમાં સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે. હુમલામાં સામેલ આતંકવાદીઓની શોધખોળ ઝડપથી ચાલી રહી છે.

પહેલગાંવ આતંકવાદી હુમલા પર પ્રતિક્રિયા આપતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, "પીડિત લોકોને શક્ય તેટલી મદદ પૂરી પાડવામાં આવી રહી છે. આ જઘન્ય ગુના પાછળ જે કોઈ પણ હશે તેને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે. તેમને બક્ષવામાં આવશે નહીં." પહેલગાંવ હુમલામાં અત્યાર સુધીમાં ૨૬ લોકોના મોત થયાના અહેવાલ છે. આમાં બે વિદેશી નાગરિકોનો પણ સમાવેશ થાય છે. હુમલા પછી, ખચ્ચરની મદદથી લોકોને નીચે લાવવામાં આવ્યા.

તેમણે વધુમાં કહ્યું, "જો તમે આ આતંકવાદી કૃત્યનું વિશ્લેષણ કરો છો, તો જો તેઓ (આતંકવાદીઓ) લોકોની ઓળખ જોઈ રહ્યા છે તો તેઓ આવું કેમ કરી રહ્યા છે? કારણ કે આપણા દેશમાં હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે વિભાજન સર્જાયું છે. આનાથી આવા સંગઠનોને લાગશે કે હિન્દુઓ બધા મુસ્લિમો માટે સમસ્યાઓ ઉભી કરી રહ્યા છે. ઓળખ જોઈને પછી કોઈની હત્યા કરવી, આ વડા પ્રધાન માટે એક સંદેશ છે, કારણ કે મુસ્લિમો અસહજતા અનુભવી રહ્યા છે. લઘુમતીઓ નબળાઈ અનુભવી રહ્યા છે. આ વાત ઉપરથી આવવી જોઈએ કે આપણે આપણા દેશમાં સુરક્ષિત અને ધર્મનિરપેક્ષ અનુભવીએ છીએ અને આપણે આવા કૃત્યો થતા જોઈશું નહીં."

### ઉનાળાની શરૂઆતથી જ આકરી ગરમી પડી રહી છે

# બપોરના સુમારે લુ ફુંકાતા માર્ગો પર લોકોની ચહલપહલ ઘટી

**વડોદરાવાસીઓ અંગદઝાડતી ગરમીનો સામનો કરી રહ્યા છે**

વડોદરા,તા.૨૩

રાજ્યમાં ઉનાળાની શરૂઆતથી જ આકરી ગરમી પડી રહી છે. એપ્રિલ મહિનામાં મે અને જૂન મહિના જેવી ગરમીનો અનુભવ થવા લાગ્યો છે. વડોદરા શહેરમાં પણ છેલ્લા ચાર દિવસથી સૂર્યનારાયણ કોપાયમાન બનતા આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા હોય વડોદરાવાસીઓ અંગદઝાડતી ગરમીનો સામનો કરી રહ્યા છે. આજે શહેરનું મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીએ પહોંચી જતા લોકો અકળાઈ ઊઠ્યા હતા. આકરા તાપના કારણે બપોરના સમયે લોકોએ કામ સિવાય બહાર નીકળવાનું ટાળતા જાણે માર્ગો પર કુદરતી કર્ફ્યુ લાદયો હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. વધતી ગરમી અને લૂના કારણે લોકો બીમાર થઈ રહ્યા હોવાના અહેવાલ પણ આવી રહ્યા છે. ગરમીના પ્રકોપથી રાહત મેળવવા ઠંડા પીણા અને આઈસક્રીમ તથા બરફ ગોળાની લારીઓ પર ભીડ જોવા મળે છે. કેટલાકે એસી અને પંખાના ધમધમાટ તળે જ ઠંડકમાં રહેવાનું મુનાસિબ માન્યું હતું. આગામી દિવસોમાં ગરમી વધુ તીવ્ર બને તેવી શક્યતા છે. મહત્વનું છે કે, આ કાળઝાળ ગરમીમાં મૂંગા પશુ પક્ષીઓ માટે જીવદયા પ્રેમીઓ આગળ આવી યથાશક્તિ મુજબ ગરમીથી બચાવવા પશુ પક્ષીઓને રાહત માટેના પ્રયાસ કરી રહ્યા છે. શહેરના સયાજીબાગ ખાતે પ્રાણી સંગ્રાહાલયમાં વધતી જતી ગરમીમાં રક્ષણ માટે પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. પશુ પક્ષીઓના પીંજરામાં ગ્રીન નેટ બાંધવામાં આવી છે.

### WHO માંથી અમેરિકા ખસી જતા તેને મળતા ફંડિંગમાં ખૂબ મોટી અસર પડી છે

# WHOના વડોદરા સહિત ગુજરાતના તમામ સાત યુનિટો બંધ કરાશે

વડોદરા,તા.૨૩

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ) ગુજરાતમાં પોતાના તમામ સાત યુનિટ બંધ કરશે અને તેમાં કામ કરતી ટીમને હવે સર્વેન્સ પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ હેઠળ તેમનો સમાવેશ કરવામાં આવશે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનમાંથી થોડા સમય પૂર્વે અમેરિકા ખસી ગયું હતું અને તેણે ડબલ્યુએચઓને અપાતું તમામ ફંડિંગ પણ રોકી દીધું હતું. જે બાદ વર્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા કેટલાક કાર્યક્રમો અને ખર્ચમાં સતત ઘટાડો કરવાનું આયોજન થઈ રહ્યું છે. જે અંતર્ગત ડબલ્યુએચઓ દ્વારા ગુજરાતમાં વડોદરા, રાજકોટ, અમદાવાદ, સુરત, ભાવનગર સહિતના યુનિટને બંધ કરવાની અથવા તેઓના સ્ટાફને રાજ્ય સરકાર અંતર્ગત આવતા વિભાગમાં તબદીલ કરવાની ચર્ચા શરૂ થઈ હતી. રાજ્ય સરકારે ડબલ્યુએચઓના યુનિટના એસએમઓ, એસએસએમઓ, આસિસ્ટન્ટ એનાલિસ્ટ સહિતના સ્ટાફને હવે ડબલ્યુએચઓમાં કાર્ય કરવાના બદલે તેઓને સર્વેન્સ પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ અંતર્ગત કાર્ય કરવાની જવાબદારી આપવામાં આવશે. જેથી ડબલ્યુએચઓ દ્વારા નિયુક્ત આ યુનિટ દ્વારા વેક્સિન, પ્રિવેન્ટેબલ ડીસીઝ અંગે પોલિયો, નિઝલ્સ, રૂબેલા જેવા ડીસીસનું કાર્ય થતું હતું તે હવે રાજ્ય સરકારની દેખરેખ હેઠળ આવી જશે. ઉલ્લેખનીય છે કે વડોદરા ખાતે જિલ્લા પંચાયતમાં ડબલ્યુએચઓનું યુનિટ કાર્યરત હતું.

ડબલ્યુએચઓમાંથી અમેરિકા ખસી જતા તેને મળતા ફંડિંગમાં ખૂબ મોટી અસર પડી છે. કારણ કે ડબલ્યુએચઓને અપાતા ફંડિંગમાં અમેરિકા સૌથી મોખરે હતું. અમેરિકાના પ્રેસિડેન્ટ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પ આવ્યા બાદ તેઓએ ડબલ્યુએચઓમાંથી ખસી જવાનો અને ડબલ્યુએચઓને અમેરિકા દ્વારા પુરા પડાતા તમામ ફંડને રોકી દીધું હતું. તે પછી ડબલ્યુએચઓ દ્વારા થતા અનેક કામો અને અનેક સેવાકીય પ્રવૃત્તિઓને અસર થઈ રહી છે. ડબલ્યુએચઓને જે ફંડ આવતું હતું તેમાં ઘટાડો થતાં ડબલ્યુએચઓએ દેશના દરેક રાજ્યને તેમને ત્યાં યુનિટ ચાલવા અંગે પ્રુછા કરી હતી. જેમાં ગુજરાત સરકારે ડબલ્યુએચઓના યુનિટના સ્ટાફને સર્વેન્સ પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ હેઠળ સમાવવાનું નક્કી કર્યું છે. જે અંતર્ગત હાયર ઓથોરિટીને રિપોર્ટ પણ સુપ્રત કરી દેવાયો હોવાનું જાણવા મળ્યું છે.

# અમરેલી : બ્રહ્માકુમારીઝ દ્વારા જેસીંગપરા ખાતે ત્રિદિવસીય આધ્યાત્મિક રામકથાનો શુભારંભ









સ્વરાજયથી રામ રાજય તરફની યાત્રા વર્તમાન સમયના મનુષ્યની દિશા અને દયા રામગુણ દર્શનથી પારિવારીક પ્રેમ અહિલ્યા અને શબરીબાઈનો ઉધાર, રામેશ્વર દર્શનથી રાવણ પર વિજય દશેરા અને દિવાળીની દિવ્ય ઉજવણીના પ્રસંગો લઈને રાત્રીના ૮:૩૦થી ૧૦:૩૦ સુધી જેસીંગપરામાં બ્રહ્માકુમારીઝ અમરેલીના રાજયોગીની બ્ર.કુ. કિજલબેન ૫૦૦ ભાઈ–બહેનોને રામકથાનું રસપાન કરાવી રહયા છે. જેનું ઉદઘાટન કાર્યક્રમમાં ચેરમેન બાંધકામ સમિતિ સદસ્ય નગરપાલિકા અમરેલી, નાગરીક બેંક ડીરેકટર ડાયરેકટર સેવા મંડળીના જયંતિભાઈ પટોળીયા, પ્રમુખ ગૌશાળા વિપુલભાઈ પટોળીયા, ઘનશ્યામભાઈ માંગરોળયા, રાજેશભાઈ માંગરોળીયા, રતિભાઈ જોગાણી, નારણભાઈ સતાણી, ધરમભાઈ પંડયા અને મંત્રી સહકારી મંડળીના મનુખભાઈ માંગરોળીયા અમરેલી સેવા કેન્દ્રના બ્ર.કુ. ગીતાદીદી, જેસીંગપરા સેવા કેન્દ્રના સંચાલિકા બ્ર.કુ. અર્ચનાદીદી એ દિપ પ્રાગટય કરી કથાની શરૂઆત કરેલ. કથા દરમ્યાન બ્રહ્માકુમારીઝના ભાઈ–બહેનો ધ્વારા નૃત્ય નાટીકા ધ્વારા લોકોને મંત્રમુગ્ધ કરી રહયા છે. આ કાર્યક્રમના મુખ્ય યજમાન બ્ર.કુ. જયંતિભાઈ અને તેનો પરિવારના સહયોગથી કાર્યક્રમ સફળ બનાવેલ છે. તેમ ફિલ્ડ રીપોટર બ્ર.કુ. આઈ.પી. બારડની યાદીમાં જણાવે છે.

પાના ૧ ઉપરનું ચાલું
## કુંકાવાવની પોસ્ટ ઓફિસમાં

ગ્રાહકો અને એજન્ટો દ્વારા ઓનલાઈન તેમજ મૌખીક રજુઆતો કરવામાં આવી છે. પણ હેડ ઓફીસ અને બીએસએનએલ એકબીજાને ફી આપી રહ્યા છે. ત્યારે હજારો ગ્રાહકો આ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. અને કર્મચારીઓ પણ ભારે મુશ્કેલીનો સામનો કરીને ગ્રાહકોને એક–બે દિવસમાં ચાલુ થઈ જસે ઉપર રજુઆત કરી છે. તેવો જવાબ આપીને ગ્રાહકોને આશ્વાસન આપી રહ્યા છે. ત્યારે આજના આધુનિક સમયમાં આખના પલકારામા જાતા ઈન્ટરનેટના કામ અહી આઠ દીવસે પણ થતા નથી જેથી ગ્રાહકો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

પાના ૮ ઉપરનું ચાલું
## જાફરાબાદનાં ટીંબીમાંથી

ફરજિયાત અમલીકરણ સંબંધિત એકમો દ્વારા થઈ રહેલ છે કે કેમ? તે અંગે તપાસ કરી સુરક્ષાની વ્યવસ્થા સુનિશ્ચીત કરવા તેમજ લાયસન્સ વગરના તથા સંબંધિત જોગવાઈઓનું ઉલ્લંઘન કરતા તમામ ઈસમો વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા આપવામાં આવેલ હતી.

આ અનુસંધાને એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર આર.ડી. ચૌધરી તથા એસ.ઓ.જી. ટીમ અમરેલી જિલ્લામાં નાગેશ્રી વિસ્તાર ખાતે ફટાકડાનું વેચાણ, સંગ્રહ કરતા અનેક સ્થળો ચેક કરતા હોય જે દરમ્યાન ખાનગી રાહે હકીકત મળેલ હોય કે, ટીંબી ગામે નામ વગરની દુકાને વગર લાયસન્સ ગેરકાયદેસર રીતે ફટાકડાનું સંગ્રહ કરી વેચાણ કરતા હોય. જે અન્વયે સદરહુ બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા સંજયભાઈ રતીભાઈ ગોહિલ (રહે. ટીંબી) નામના ઈસમનાં કબ્જામાંથી વિવિધ પ્રકારના ફટાકડા કિંમત રૂપિયા ૩,૪૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડેલ હતા. પકડાયેલ ઈસમ વિરૂધ્ધ ધી એકસપ્લોઝીવ એકટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી આગળની તપાસ અર્થે નાગેશ્રી પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૬૦ | ૧૦૨૪ |
| ૨ | ગીરનાર શીંગ | ૯૮૪ | ૯૮૪ |
| ૩ | શીંગ મોટી | ૭૩૦ | ૧૦૭૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૮૩૫ | ૧૩૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૨૯૦ | ૨૧૪૫ |
| ૬ | તલ કાળા | ૪૫૦૦ | ૫૪૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૮૧૦ | ૨૦૪૦ |
| ૮ | બાજરો | ૫૦૩ | ૫૬૬ |
| ૯ | જુવાર | ૫૦૦ | ૬૫૬ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૪૩ | ૬૧૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૧૧ | ૫૪૦ |
| ૧૨ | અડદ | ૪૦૦ | ૧૩૧૦ |
| ૧૩ | ચણા | ૮૦૫ | ૧૦૮૩ |
| ૧૪ | ચણા દેશી | ૧૦૮૬ | ૧૧૯૭ |
| ૧૫ | ચણા સફેદ | ૧૦૫૦ | ૧૨૦૭ |
| ૧૬ | છોલે ચણા | ૧૪૦૦ | ૧૬૦૧ |
| ૧૭ | તુવેર | ૧૦૩૦ | ૧૩૬૧ |
| ૧૮ | કપાસ | ૯૦૦ | ૧૫૬૧ |
| ૧૯ | એરંડા | ૯૧૦ | ૧૧૬૩ |
| ૨૦ | જીરૂ | ૨૫૩૦ | ૪૪૦૦ |
| ૨૧ | રાયડો | ૯૩૮ | ૧૧૦૦ |
| ૨૨ | રાય | ૯૦૦ | ૧૧૪૦ |
| ૨૩ | ધાણા | ૧૦૯૫ | ૧૪૦૦ |
| ૨૪ | ધાણી | ૧૦૦૦ | ૧૬૫૦ |
| ૨૫ | અજમા | ૧૭૨૦ | ૧૯૩૦ |
| ૨૬ | મેથી | ૬૦૦ | ૯૯૦ |
| ૨૭ | સોયાબીન | ૫૫૦ | ૮૧૮ |
| ૨૮ | મરચા લાંબા | ૩૦૦ | ૧૬૮૦ |
| ૨૯ | દેશી મરચા | ૪૬૦ | ૨૦૬૦ |
| ૩૦ | વરીયાળી | ૧૪૫૦ | ૧૪૫૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીમાં શરૂ થયેલ પાયલટ ટ્રેનીંગ સેન્ટરથી

તરીકે છેલ્લા ઘણા સમયથી થઈ રહ્યો છે. આ ટ્રેનિંગ સેન્ટરમાં અનિમિતતાથી ઘણી ગતિવીધિ અને કાર્યો થઈ રહ્યા છે. આ ટ્રેનિંગ સેન્ટરોના સંચાલકો દ્વારા નીતિ– નિયમોનું અને સીક્યુરીટીનું ક્યારેય પણ પાલન કરવામાં આવેલ નથી. જાહેર રહેણાંક વિસ્તારોમાં અતિ નીચા ઉડયનો કરી લોકોના જીવનુ જોખમ વધ્યું છે અને મિલ્કતને પણ નુકશાન થવાની ભીતી રહેલી છે. અગાઉ આ બાબતે જિલ્લા વિકાસ સમિતિ દ્વારા કલેકટરને તા. ૩૦/૧૨/ ૨૦૨૪ નાં રોજ રજુઆત પણ કરેલ છે તેમાં નવા શિખાઉ પાયલોટ હોય અને ખુબજ નીચા પ્લેન ચાલતા હોય તેથી અકસ્માત થઈ શકે તેમ હોય એટલા માટે અમરેલી બહાર એરોડ્રામ થી નદી ખેતરો ઉપર ટ્રેનિંગ માટે પ્લેન ઉડાવવાની મંજુરી આપવી અમરેલી સીટીની અંદર ન ઉડવું જોઈએ તેવી રજુઆત કરેલ હતી.

વધુમાં ઉડયનના નીતિ–નિયમો પ્રમાણે સાંજના ૮ વાગ્યા પછી કોઈ ઉડયનો ટ્રેનિંગ માટેના ન હોય શકે તેને બદલે રાતના બાર–બાર વાગ્યા સુધી ઉડયનો ચાલુ રાખવામાં આવેલ હતાં. પાઈલોટના જે ટ્રેનરો હતા તેઓએ સ્વયંમ સંચાલીત ઉડયનની એક શિખાઉ પાયલોટને મંજુરી આપેલ હતી કોઈ ટ્રેનર સાથે ન હતાં તેના કારણે આ અકસ્માત થવાનું એક કારણ છે.

એરપોર્ટમાં જે ચાર થી પાંચ પ્લેનો ઉડયન માટે રાખેલ હતા તેની આયુષ્ય મર્યાદા કેટલી હતી? તે પણ તપાસનો વિષય છે. સરકારે આવી પ્રાઈવેટ કંપનીઓને ઉડયનો અને એરપોર્ટની કિંમતી જમીનો ભાડા પટ્ટે આપીને માત્ર વેપાર કરવાનો મનસુબો રાખ્યો હોય તેવું દરેક આવા દુ:ખદ બનાવોમાં જોવા મળી રહ્યું છે પછી તે ખ્યાતિ હોસ્પિટલ કાંડ, રાજકોટનો ગેમઝોન કાંડ હોય, અમરેલીનો આ એરપોર્ટ કાંડ જયારે અમરેલી નજીકના રહેણાંક વિસ્તારોમાં નવા બાંધકામ માટે રહેણાંક ધારકોએ નગરપાલિકાની બાંધકામ મંજુરી મેળવવા માટે વધુ એક એરપોર્ટ ઓથોરીટીની એનઓસી લેવાનું કારસા કરેલ છે તેના કારણે પ્રાઈવેટ ઓથોરીટીને બાંધકામ મંજુરીના એનઓસી આપવા માટે મોટો ભ્રષ્ટ્રાચાર થઈ રહ્યો છે અને એક માળની મંજુરીના ચાલીસ – ચાલીસ હજાર રૂપિયા જેવી માતબર રકમ માંગી રહી છે જે માત્ર લોકોના મોત સાથે ખેલ ખેલી પૈસા બનાવવાનો ધંધો કરે છે અને આવા દરેક કાંડોમાં સરકાર માત્ર ધંધાનું જ પ્રયાન રાખે છે માણસની મોતની કિંમત કરતા પોતાના મળતિયાઓને પૈસા કેમ વધુ મળે.તેનો ખ્યાલ કાળજી પુર્વક રાખે છે. આ પ્રશ્નનો ઉત્તરમાં જાહેરમાં દેવો જરૂરી છે સરકાર એકની એક ફરીવાર રટણકરશે કે કોઈ ચમરબંધીને છોડવામાં નહીં આવે. મારો સવાલ છે કે કોઈ ચમરબંધી પકડાયેલ હોય તો જાહેર કહે કે આ ચમરબંધીને પકડેલ છે. આ અંગે તટસ્થ તપાસ થવી જોઈએ અને તપાસના નાટકો બંધ કરી ખરેખર કસુરવાર છે તેને જેલ ભેગા કયારે કરશે? તેના વરઘોડા ક્યારે કાઢશે? તેની જાહેર સ્પષ્ટતા કરશો.

વધુમાં જણાવેલ છે કે, આ અકસ્માત થયેલ છે તે ખરેખર ગીચ વસ્તી ધારકોનો રહેણાંક વિસ્તારમાં થયેલ હોત તો કેટલી બધી જાનહાની થઈ હોત તે કલ્પના કરવી પણ ભયાવહ છે. થોડા જ સમય પહેલા મહેસાણા ખાતે પણ આવી દુર્ઘટના બનેલ તેમાં પણ એક ટ્રેનર પાયલોટનું મોત થયેલ છે તે અંગે રાજય સરકારે કોઈ બોધપાઠ લીધેલ હોય તેવું લાગતું નથી.

વધુમાં જણાવેલ છે કે, તા. ૪/૪/૨૦૨૫ના આ પ્લેન ભવિષ્યમાં કોઈ મુશ્કેલી ન સર્જાય તે અંગે સરકારે કયા પ્રકારનું આયોજન કર્યું છે તે અંગે માહિતી અધિકાર નીચે માહિતી સોશિયલ એક્ટિવિસ્ટે માંગી હતી. તેમજ રાતના બે–બે વાગ્યા સુધી શહેરીજનોના આરામ ઉપર પણ ભારે અસર થતી હતી તે બાબતમાં અનેક રજુઆતો થઈ હતી પરંતુ રજુઆતને કચરા ટોપલીમાં ફેકી દેવાઈ હતી તે પણ ગંભીર બાબત છે. આજે અમરેલી પણ ગુનાહિત પ્રવૃતિ અને દારૂના અડ્ડાનું એપી સેન્ટર બન્યું છે, તે બાબતમાંપણ કડક કાર્યવાહી કરવા માટે પણ મારી માંગણી છે. બહેન–દિકરીઓની દિન– પ્રતિદિન સલામતી જોખમાતી જાય છે, અનેક બનાવો બને છે પણ આબરૂ જવાના ડરે પ્રકાશમાં આવતા નથી તેની પણ ગંભીરતાપુર્વક નોંધ લેવી જરૂરી છે. તેમ અંતમાં જણાવવેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૯૭૦ | ૧૦૩૦ |
| ૨ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૦૮૭ |
| ૩ | તલકાળા | ૪૨૦૦ | ૪૬૫૦ |
| ૪ | જીરૂ | ૩૯૦૦ | ૪૪૩૦ |
| ૫ | કપાસ | ૧૩૫૦ | ૧૫૧૮ |
| ૬ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૬૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૦૯ |
| ૮ | જુવાર | ૬૦૦ | ૮૦૦ |
| ૯ | રાજગરો | ૧૩૫૦ | – |
| ૧૦ | અડદ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૫૦ | ૧૦૯૦ |
| ૧૨ | દેશી ચણા | ૧૧૦૨ | ૧૨૭૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## સમી સાંજે ખેલાયું આખલા યુદ્ધ

આશ્ચર્યજનક બાબત એ છે કે અમરેલીનાં નગરસેવકથી લઈને સાસંદ કક્ષાના એકપણ જનપ્રતીનિધિ રખડતા પશુઓની સમસ્યા દુર કરવા આગળ આવતા નથી. કારણ કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નામે વિજય મળી જતો હોવાથી મતદારોને કોઈ ચિંતા થતી નથી તે હકીકત છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીનાં વિઠલપુર ખંભાળીયા ગામે

થતુંહોય તેની જાણ પોલીસને કરતા પોલીસ આવે તો માત્ર મુદામાલ જ મળે છે કોઈ બુટલેગર પકડાતો નથી આનો મતલબ કે બુટલેગરને પહેલેથીજ આની જાણ હોય તેમ દારૂ છોડીને જતા રહે છે આનો મતલબ કે કાતો બુટલેગર ને છાવરે છે કાતો બુટલેગર ભગવાન છે કે તેમને અગાવ ખબર પડી જાયછે કે પોલીસ આવે છે. જો વિઠલપુર ગામે દેશી દારૂની હાટડીઓ બંધ કરવામાં નહી આવે તો મહિલાઓ ને સાથે રાખી જનતા રેડ પાડવામાં આવશે તેમ અંતમાં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીમાં વિમાન અકસ્માતની ઘટનાની

વિમાન ક્રેશ થવાના કારણો જાણવા માટે એરપોર્ટ ઓથોરિટી દ્વારા મુંબઈ ખાતે જાણ કરવામાં આવતાં આશાસ્પદ ટ્રેઈની પાયલોટનું મૃત્યુ નિપજવાનાં બનાવની તપાસ કરવા માટે મુંબઈથી એવીએશન ડિપાર્ટમેન્ટની એક ટીમ ગઈકાલે રાત્રીના સમયે અમરેલી આવી પહોંચી હતી અને રાત્રીના સમયે સ્થાનિક પોલીસ સાથે ઘટના સ્થળે જઈ અને નિયમાનુસાર તપાસ હાથ ધરી હતી અને સ્થાનિક રહીશો પાસેથી એવીએશન ટીમે માહિતી મેળવી હતી અને ક્રેશ થયેલા પ્લેનમાંથી જરૂરી કાગળો, બ્લેક બોક્સ, જરૂરી પાર્ટસ ફોરેન્સિક માટે જરૂરી એકત્ર કરાયા હતા.

જો કે, આ તપાસ માટે મુંબઈથી આવેલી એવીએશન ડિપાર્ટમેન્ટની ટીમમાં કેટલાં સભ્યો આવ્યા છે ? અને બનાવ સ્થળેથી શું શું એકત્ર કરાયું છે ? તપાસનો રીપોર્ટ કયારે આપશે તેની વિગત જાહેર કરાયેલ નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે પ્લેન તુટી પાડવાના બનાવ બાદ જયાં સુધી આ બનાવ અંગેનો રીપોર્ટ ના આવે ત્યાં સુધી એરપોર્ટ ઓથોરિટી દ્વારા અમરેલીમાં ચાલતી વિઝન ફલાયિંગ ઈન્સ્ટિટયુટનું તાલીમી મીની પ્લેનની ઉડાન નહીં ભરવા નિર્ણય કરાયાનું જાણવા મળેલ છે. જેથી ગઈકાલના બનાવ બાદ અમરેલી તાલીમી વિમાનની ઉડાઉડ બંધ થયેલ છે. તે આજે પણ અમરેલીમાં એક પણ વિમાન ઉડતું જોવા મળેલ નથી.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૫૦ | ૧૫૪૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૦૦ | ૧૪૨૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૯૮૬ | ૧૦૨૪ |
| ૪ | ચણા | ૧૦૫૪ | ૧૦૯૦ |
| ૫ | જીરૂ | ૩૮૫૫ | ૪૫૭૫ |
| ૬ | ઘઉં | ૪૫૮ | ૫૪૨ |
| ૭ | તુવેર | ૧૧૯૦ | ૧૩૬૦ |
| ૮ | ધાણા | ૧૨૮૦ | ૧૫૩૦ |
| ૯ | મેથી | ૯૬૦ | ૧૦૩૦ |
| ૧૦ | એરંડા | ૯૯૫ | ૧૧૬૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૭૨ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૭૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૦ |
| ૪ | ચણા | ૧૦૪૨ | ૧૦૬૧ |
| ૫ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૬ | ધાણા | ૧૦૦૦ | ૧૧૨૦ |
| ૭ | એરંડી | ૧૦૯૫ | ૧૧૨૫ |
| ૮ | મગફળી | ૮૫૦ | ૮૫૦ |
| ૯ | તલ સફેદ | ૧૭૫૫ | ૧૮૫૦ |
| ૧૦ | તુવેર | ૮૦૦ | ૧૩૦૫ |
| ૧૧ | શીંગફાડા | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૧૨ | સોયાબીન | ૬૪૦ | ૭૫૧ |

પાના ૮ ઉપરનું ચાલું
## દામનગરનાં ખોડિયારનગરનાં રહેવાસીઓ

ઓળગીને અવર જવર કરતા ખેડૂતો અને ખોડીયારનગરના રહીશોની પીડા સત્તાધીશોને નથી એટલે વિકાસના નામે પોતાની પેવર બ્લોકની દુકાનો ચલાવી જોઈ કપડાંની જેમ રસ્તાઓના પેવર બ્લોક ભલે બદલો તમતમારે પણ પ્રાથમિક સુવિધાથી ગરીબ અને ખેડૂતોને વંચિત રાખવા સત્તાનો દૂરઉપયોગ બંધ કરો અને રસ્તા આપો તેવી માંગ ઉભી થઈ છે.


લેઉવા પટેલ ટ્રસ્ટ જ્ઞાનશક્તિ ગર્લ્સ સ્કૂલ

સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત ગર્લ્સ સંકુલ

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)


## અવસાન નોંધ

**વીજપડી:** ઉર્મિલાબેન ધીરજલાલ ઠકરાર (ઉ.વ. ૭૪) ગામ રાજકોટ, તે એડવોકેટ–નોટરી સમીરભાઈ ધીરાજલાલ ઠકરારના માતૃશ્રીનું તા. ૨૨/૪/૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તથા પીયરપક્ષની સાદડી તા. ૨૪/૪/૨૦૨૫, ગુરૂવારના રોજ પુષ્કરનાથ મહાદેવ મંદિર, પુષ્કરધામ ચોક પુષ્કરધામ મેઈન રોડ રાજકોટ ખાતે સાંજે ૫:૦૦થી ૬:૦૦ કલાક દરમ્યાન રાખેલ છે.


અમરેલી જિલ્લા વિદ્યાસભા

GCAS રજીસ્ટ્રેશન શરૂ છે...

GCAS Free Form Filling Center અને GCAS Verification માટે નીચે આપેલ કોલેજોનો રૂબરૂ સંપર્ક કરવો

૧) કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ
૨) કે.કે.પારેખ કોમર્સ કોલેજ
૩) માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ
૪) મણીબા ગજેરા ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સીંગ

વિદ્યાસભા કેમ્પસ, લાઠી રોડ, અમરેલી–૩૬૫૬૦૧


## જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર, **૧.ચેતન રાજેન્દ્ર સવજાણી,** રહે. રાજીવનગર, પોરબંદર, **૨. મહેશભાઈ સુભાષભાઈ ભુતીયા,** રહે. બ્લોક નં.બી–૧૩, 'કૃષ્ણકૃપા' મારૂતી શો રૂમ પાછળ, છાંયા – પોરબંદર

આથી લાગતા – વળગતા સહુને તથા જાહેર – જનતાને આ જાહેર નોટિસથી જણાવીએ છીએ કે અમોએ **શ્રી કે.પી. પાદરીયા એજ્યુ. એન્ડ ચેરી. ટ્રસ્ટ** – બાબરાના ટ્રસ્ટીઓ, **૧.કમલેશભાઈ પ્રવિણભાઈ મહેતા** તથા **૨. આરતીબેન મહેન્દ્રભાઈ ભરાડ**ને હાથ ઉછીની રકમ આપેલ હોઈ, તેની સીકયોરીટી પેટે બાબરા સરદાર પટેલ લો કોલેજ તરીકે ઓળખાતી મિલ્કત કે જે બાબરાના બિનખેતી સર્વે નં. ૬૫૫ પૈકી ૨ જેના હે.આરે.ચો.૧–૨૬–૩૭, તેના ઉપર બાંધવામાં આવેલ મિલ્કત, સદરહું ટ્રસ્ટનાં સહટ્રસ્ટીઓ **પારૂલબેન ઉપેન્દ્રભાઈ બોરીસાગર** તથા **પંકજભાઈ મનુભાઈ બાવીસી**ના સંમતીથી, આ મિલ્કતમાં ઉપરોકત **૧. કમલેશભાઈ પ્રવિણભાઈ મહેતા તથા ૨. આરતીબેન મહેન્દ્રભાઈ ભરાડ**નો કુલ ૨૦ (વીસ) ટકા હિસ્સો સીકયોરીટી માટે લીધેલ છે, અને જેનું લખાણ ઉપરોકત ટ્રસ્ટીઓ તથા અન્ય સહટ્રસ્ટીઓની સંમતી સહીત અમો નીચે સહી કરનારા જોગ તા.૨૦–૦૭–૨૦૨૨. ના નોટરાઈઝ રજી.નં. ૪૧૪/૨૦૨૨. થી મિલ્કત સીકયોરીટી પેટે આપવા અંગેનો કરાર કરી આપેલ છે. તેમજ આ લખાણ આજની તારીખે અમલમાં છે.

ઉપરોકત વિષયે લાગતા – વળગતા સહુને તથા જાહેર – જનતાને આ જાહેર નોટિસથી જણાવવાનું કે, આ ઉપરોકત મિલ્કત બાબત કોઈ વ્યવહાર–હસ્તાંતર કરવામાં આવશે તો તે અમો નીચે સહિ કરનારને બંધનકર્તા રહેશે નહીં, અને તેની તમામ જવાબદારી, જોખમદારી જે–તે વ્યવહાર કરનારની અંગત રહેશે, તેમજ આ બાબતે કોઈ વ્યવહાર થયેથી ઉપરોકત મિલ્કતમાં અમારા તા.૨૦–૦૭–૨૦૨૨. ના કરાર મુજબ અમારો અગ્રહક્ક રહેશે, જેની આથી લાગતા–વળગતા સહુએ નોંધ લેવી.

**સ્થળ : પોરબંદર**
**તારીખ : ૨૩/૦૪/૨૦૨૫**

: સહી :

**૧. ચેતન રાજેન્દ્ર સવજાણી**

**૨. મહેશભાઈ સુભાષભાઈ ભુતીયા**

# અમરેલી : શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ ખાતે બહેનો માટે હ્યુમન રાઈટસ પ્રોટેક્શન સેલનો સેમિનાર યોજાયો






અમરેલી હ્યુમન રાઈટસ પ્રોટેકશન સેલ, અમરેલી ધ્વારા શ્રીમતી શાંતાબેન ગજેરા કેમ્પસ ખાતે મહિલાઓ માટે વિશેષ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં હ્યુમન રાઈટસ (માનવ અધિકારો) અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં હ્યુમન રાઈટસ પ્રોટેકશન સેલની અમરેલી જિલ્લા પ્રમુખ પથીકાબેન, ભાનુબેન અને વૃષ્ટીબેન કાનપરિયા તેમજ નેન્સીબેન સર્ખેજીયા ઉપસ્થિત રહ્યા હતા. જેમણે મહિલાઓને તેમના અધિકારો, સમાજમાં તેમની સુરક્ષા માટેની જાગૃતિ અને જાતીય ભેદભાવ સામે લડવા માટે ઉપલબ્ધ કાયદાકીય મદદ વિશે માહિતી આપી હતી. સેમિનારમાં મુખ્યત્વે મહિલાઓના માનવ અધિકારો, ઘરેલુ હિસા, મહિલાઓ માટેના સરકારી કાયદા અને સહાય યોજના, માનસિક આરોગ્ય અને આત્મવિશ્વાસ વધારવા માટેના પગલાં જેવી વિવિધ વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સેમિનારના આ મુજબ મુખ્ય મુદાઓ આવરી લેવામાં આવેલ હતા ૧. હ્યુમન રાઈટસની સમજ : માનવ અધિકારો શું છે અને તેમનું મહત્વ. ૨. મહિલાઓના કાયદાકીય અધિકારોઃ દહેજ પ્રતિબંધ કાયદો, ઘરસંસાર હિંસા વિરોધ કાયદો, કામસ્થળે મહિલાઓની સુરક્ષા વગેરે. ૩. લિંગ સમાનતા અને શોષણ વિરોધ : મહિલાઓ સાથે થતો ભેદભાવ અને તેનો સામનો કરવા માટે કાનૂની મદદ. ૪. આર્થિક અને શૈક્ષણિક સશકિતકરણઃ મહિલાઓ માટે સરકારી સહાય યોજના અને સુવિધાઓ. ૫. જાગૃતિ અને સહાય વ્યવસ્થાઃ મહિલાઓ માટે ઉપલબ્ધ હેલ્પલાઈન અને સેવાસેતુ કેન્દ્રની માહિતી. આ સેમિનારમાં નિવાસી બહેનો અને અન્ય હાજર મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને વિવિધ પ્રશ્નો ઉઠાવ્યા, જેનો ઉકેલ પ્રોફેશનલ એકસપર્ટ ધ્વારા આપવામાં આવ્યો. સેમિનાર અંતે હ્યુમન રાઈટસ પ્રોટેકશન સેલ ધ્વારા બહેનોને કાયદાકીય સહાય માટે સતત સંપર્કમાં રહેવા અને કોઈપણ મુશ્કેલીમાં તેમના અધિકારો માટે અવાજ ઉઠાવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આવી જાગૃતિ કારક ગતિવિધિઓ ધ્વારા સમાજમાં મહિલાઓનું સશકિતકરણ અને તેમની સુરક્ષાને મજબૂત બનાવવાનું ઉદ્દેશ્ય છે.

### સમગ્ર દેશને હચમચાવતી ઘટનાને લઈને દુઃખ વ્યકત કરી

## અમરેલી સમસ્ત મુસ્લિમ જમાતે કાશ્મીર પર થયેલા હુમલાની નિંદા કરી

### મૃતકોને શ્રધ્ધાંજંલિ પાઠવવામાં આવી

અમરેલી, તા. ૨૩

પહેલગામ (કાશ્મીર) મુકામે થયેલ આંતકવાદી હુમલા અંગે અમરેલી જિલ્લા મુસ્લિમ સમાજના આગેવાનો ની ઉપસ્થિતીમાં મળેલ મિટિંગમાં બનેલ બનાવને વખોડી કાઢી તમામ મરહુમો (સ્વ.) આત્માને શાંતિ (મોક્ષ) ઈ ર અલ્લાહ આપે તેવી દુવા(પ્રાથના) કરેલ અને આવા બનતા બનાવ અંગે સરકાર તરફથી કડકમાં કડક કાર્યવાહી કરે તેવી માગણી સાથે અસરકર્તાને તાત્કાલિક આર્થિક સહાય કરીને અસરકતાના કુટુંબ વારસદારને કાયમી નોકરી આપીને કાયમી મદદરૂપ થાય તેવી લાગણી માગણી વિનંતી કરેલ તેવી એક અવાજ સાથે દુવા ફરમાવેલ છે આ મીટિંગમાં મહેબૂબ બાપુ, નિઝામબાપુ ચિસ્તી, ઈનુસુભાઈ દેરડીવાળા, રફીકભાઈ મોગલ, જાવેદખાન પત્રકાર, રફીકભાઈ ચૌહાણ, સલીમભાઈ કુરેશી, સમીરભાઈ કુરેશી, જિંગાબાપુ, રજાકભાઈ રાધનપરા, મુજ્જફરબાપુ એડવોકેટ, રફીકભાઈ ફૂલવાળા, સાકીલબાપુ, નાનભાઈ બિલખીયા, રાજુભાઈ બિલખિયા, ઈકબાલભાઈ બિલખીયા, મુસાભાઈ કાલવા તેમજ તમામ સમાજના આગેવાનો હાજર રહેલ તેવી યાદી સમસ્ત મુસ્લિમ જમાત તરફથી કરેલ છે.

## રાજુલા : ગાયત્રી શકિતપીઠનો ૪૧મો પાટોત્સવ ઉજવવા તડામાર તૈયારીઓ



રાજુલા, તા. ૨૩

હરિદ્વાર શાંતિકુંજ નેજા હેઠળ અને રાજુલા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી શકિત પીઠનો ૪૧મો પાટોત્સવ ભવ્ય રીતે ઉજવાવા તડામાર તૈયારીઓ ચાલુ થઈ ગઈ છે આ પાટોત્સવ તારીખ ૨૫/૪/૨૦૨૫ના રોજ ગાયત્રી શકિતપીઠનો પાટોત્સવ ઉજવશે તેમાં ૨૪ તારીખે સાંજે સત્યનારાયણ ભગવાનની કથા તેમજ ૨૫ તારીખે સવારે ૬:૦૦ કલાકે મૂર્તિપૂજન ધ્વજારોહણ અને ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે આ ૨૪ કુંડી યજ્ઞમાં ૨૪ દંપત્તિને બદલે ડબલ બેસાડવા પડે એટલા નામ નોંધાઈ રહ્યા છે આ મહાયજ્ઞ સવારે ૯:૦૦ થી ૧૨ વાગ્યા સુધી રહેશે તેમજ સાંજના સાત કલાકે ગાયત્રી પરિવારના ભાઈ બહેનો તેમજ રાજુલા શહેરના અગ્રણીઓ વેપારીઓ અધિકારીઓ સાંજે ૭:૦૦ કલાકે લગભગ ૫૦૦ ઉપર વ્યકિતઓ ભોજન પ્રસાદ ભવ્ય આયોજન કરવામાં આવેલ છે આ ગાયત્રી શકિતપીઠમાં ૪૦ વર્ષથી રોજ સવારે છ કલાકથી આયુર્વેદિક ઉકાળાનું વિતરણ વિનામૂલ્ય કરવામાં આવે છે અનેક ભાઈ બહેનો બાળકો આ ઉકાળાનું સેવન કરતાં જોવા મળે છે તેમજ સવારે ૬:૦૦ કલાકે આરતી થયા બાદ સાડા છ થી સાડા સાત વાગ્યા સુધી નિયમિત ગાયત્રી યજ્ઞ યજ્ઞશાળામાં યોજવામાં આવે છે તેમાં પણ અનેક ભાઈ બહેનો લાભ લેતા હોય છે આ શકિતપીઠમાં અનેક સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ગર્ભાધાન સંસ્કાર નામકરણ સંસ્કાર લગ્ન વિધિ બાળકોને સુવર્ણપ્રાસ તેમજ સવાર સાંજ યોગ સાધના બહેનો દ્વારા કરવામાં આવે છે તેમજ ગાયત્રી શકિતપીઠના મહિલા મંડળના બહેનો દ્વારા અનેક કાર્યક્રમ કરીને અને એ કાર્યક્રમમાં જે બચત થાય છે તે ગાયત્રી શકિતપીઠમાં વોટર કુલર ડિજિટલ મોરના ટહુકા વાળા સંગીત સાધનો આ શકિપીઠ ને અર્પણ કરવામાં આવેલ છે તે ઉપરાંત હરિદ્વારથી જે કાર્યક્રમ જાહેર કરવામાં આવે તે દરેક ભાઈ બહેનો પરિજનો હોશે હોશે આ તમામ કાર્યક્રમમાં ભાગ લેતા હોય છે એમ જ શકિતપીઠના હોલમાં દર મહિને વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ તેમજ વિનામૂલ્ય ઓપરેશન પણ કરી આપવામાં આવે છે જેમાં સેંકડોની સંખ્યામાં જરૂરિયાત મંદ લોકો લાભ લે છે તેમજ આ કેમ્પમાં આયુર્વેદિક હોમિયોપેથિક ગાયનેક ડોકટરો પોતાની વિશેષ સેવા આપે છે અને વિનામૂલ્યે તપાસ કરીને વિનામૂલ્ય જરૂરિયાત પૂરતી દવાઓ પણ આપવામાં આવે છે આ શકિતપીઠમાં દર મહિને એકવાર શિવાનંદ મિશન વીરનગરનો કેમ્પ હોય છે તેમજ એક મહિનો સુદર્શન નેત્રાલય હોસ્પિટલ અમરેલીનો કેમ્પ હોય છે આંખના રોગોની તમામ સારવાર વિનામુલ્યે કરવામાં આવે છે તેમજ કેમ્પમાં સુદર્શન નેત્રાલય અમરેલીના ડોક્ટર ટીમ દ્વારા કેમ્પ યોજાયો તેમાં ૪૪૭ દર્દી તપાસવામાં આવ્યા હતા અને તેમાંથી ૧૫૬ મોતિયાના ઓપરેશન વિના મુલ્ય કરી આપવામાં આવ્યા હતા તેમજ આ મંદિર વિવિધ અનેક લોક ઉપયોગી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે તેવું આ ગાયત્રી પરિવાર ટ્રસ્ટના ટ્રસ્ટીઓની યાદી જણાવે છે.

## બગસરા ખાતે શુક્રવારે વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાશે

અમરેલી, તા. ૨૩

જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૨૫/૪/૨૫ને શુક્રવારના રોજ સ્વ. અમિતકુમાર લલિતભાઈ દિક્ષિતના સ્મરણાર્થે લલિતભાઈ ગિરધરભાઈ દિક્ષિત પરિવારના સેજન્યથી ૬૧૭મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રી રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટ સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમા મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે આપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે.

આપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામા આવશે. કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે ૨૫/૪/૨૫ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે આંખની હોસ્પિટલ ખાતે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમા જણાવેલ છે.

## અમરેલીમાં નૂરાની માનવસેવા ગ્રુપ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ



અમરેલી, તા.૨૩

નુરાની માનવસેવા ગ્રુપ ધ્વારા આયોજિત બે દિવસિય કિકેટ ટુનામેન્ટ સિઝન ૨ની ફાઈનલ મેચમાં આર.સી.બી. ઈલેવન ટીમ વિજેતા થયેલ હતી. આ સંસ્થા ધ્વારા ૧૧ હજાર રૂપિયાનું રોકડ પુરસ્કાર તેમજ ટ્રોફી એનાયત કરવામાં આવેલ હતી. તેમજ હરીફ ટીમ મીરા ઈલેવન ટીમ ને ૫૧૦૦નું રોકડ પુરસ્કાર ને ટ્રોફી આપવામાં આવેલ હતી. સમગ્ર ટુર્નામેન્ટમાં ખેલાડીઓ ધ્વારા વિવિધ સારા પ્રદર્શન માટે પણ ખેલાડીઓને ટ્રોફી આપવામાં આવેલ હતી. જેમાં બેસ્ટ બોલર તરીકે મુસ્તાક બાપુ કાદરીને મોમેન્ટો આપવામાં આવેલ હતો. તેમજ સારૂ બેટિંગ કરનાર શકીલ દુઆને બેસ્ટ મેન તરીકે તેમજ મેન ઓફ ધ સિરીઝ તરીકે મોહસીનને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવેલ હતા. અત્રે ઉલ્લેખની છે કે નૂરાની માનવસેવા ગ્રુપ ધ્વારા વિવિધ સામાજિક માનવતાના કાયો કરવામાં આવે છે. જેમાં બ્લડ ડોનેશન, રાહતદરે એમ્બ્યુલન્સ સેવા, જરૂરીયાતમંદ બીમાર દર્દીઓને સારવાર, દવાઓ તેમજ રમઝાન મહિનામાં રાહતદરે રમઝાનની ખાણી પીણીની વસ્તુઓ તેમજ વિવિધ સમાજને ઉપયોગી કેમ્પ યોજી નૂરાની માનવ સેવા ગ્રુપમાં કાર્યકર્તા અયુબભાઈ, તન્જીલ ચૌહાણ, નિઝામબાપુ, મુસ્તાકબાપુ, પરવેઝભાઈ કુરેશી સમાજસેવા કરવામાં આવી રહી છે. આ સંસ્થાના તમામ સભ્યો કોઈપણ જાતના હોદા સ્વાર્થ કે લાલચ વગર સમાજના કાર્ય કરવા હંમેશા સમાજ માટે હાજર રહે છે. થોડા જ સમયમાં આ સંસ્થાને અનેક સેવાકીય પ્રવૃતિઓ કરી લોકોમાં પણ મોટી ચાહના મેળવી છે.

### એમએસએમઈ ઈકોસિસ્ટમને મજબુત કરવા

## અમરેલી ખાતે આવી પહોંચેલ ''ગુણવતા યાત્રા'' : જરૂરી માર્ગદર્શન અપાયુ

### શહેરનાં વેપારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા

અમરેલી, તા.૨૩

ગુજરાતની એમ.એસ.એમ.ઈ ઈકોસિસ્ટમને મજબુત કરવાની દિશામાં આયોજિત ગુણવતા યાત્રા અમરેલી પહોચી હતી. અમરેલી ખાતે ઉધોગ અગ્રણીઓ, અધિકારીઓ અને ગુણવતાસભર નિષ્ણાતોને એકસાથે લાવી સર્વસમાવેશક અને ટકાઉ ઔદ્યોગિક માર્ગ ચીંધવામાં આવ્યો હતો.

અમરેલી ખાતે બે ટેકિનકલ સેશનની શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેશનમાં હેલ્થકેર, શિક્ષણ અને એમ.એસ.એમ.ઈ જેવા ક્ષેત્રોમાં કવોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા ધ્વારા સ્થાપિક ગુણવતાયુકત પ્રકિયાઓ અને વ્યવસ્થાઓ અંગે મોહિતસિંહ ધ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અમે.એસ.એમ.ઈ માટે કાર્યકારી ઉત્કૃષ્ટતા ચલાવવા માટે કયુસીઆઈ ધ્વારા ઓફર કરવામાં આવતી એન.એ.બી.એલ. લેબોરેટરી માન્યતા અંગે ડો. ભૂમિ રાજયગુરૂ ધ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. એમ.એસ.એમ.ઈ માટે ઝેડ.ઈ.ડી અને લીન પ્રમાણપત્રો વિશે જગત પટેલ ધ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડના અધિકારી પિયુષ ગેડિયા ધ્વારા મુખ્ય નિયમનકારી અનુપાલન વિશે વિગતો આપવામાં આવી હતી. આ કાર્યકમમાં વિવિધ વિભાગોના અધિકારીઓ ધ્વારા ટેકનિકલ પુરૂ પાડવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અનુપાલન અને નિયમકારી આવશ્યકતાઓ વિશે જિજ્ઞેશ રૈયાણીએ માર્ગદર્શન આપ્યું હતું.

સી.કે. નિમાવત ધ્વારા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઔધોગિક સલામતી નિયમો અંગે યોગેશ ગોવાણીએ અને રાજય સરકારની એમ.એસ.એમ.ઈ માટે યોજનાઓ અને તેના લાભો વિશે અમરેલી જિલ્લા ઉધોગ કેન્દ્રના એમ.એચ. જેતપુરાએ માર્ગદર્શન આપ્યું હતું. ગુણવતા યાત્રા રાજયભરમાં મુખ્ય ઔધોગિત કેન્દ્રો સહિતના ૨૮ જિલ્લાઓ સુધી પહોંચશે અને ૫૫ દિવસ સુધી રાજયમાં ઉધોગ ગુણવતા અને ઉત્કૃષ્ટતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ મજબુત બનાવશે. આ યાત્રા રાજયભરમાં ઝેડઈડી, આઈએસઓ અને લીનથી માંડીને એમ.એસ.એમ.ઈ જેવી યોજનાઓ અને અન્ય પ્રમાણપત્રોને પ્રોત્સાહન આપવામાં આવશે. જેના ધ્વારા વિકસિત ગુજરાત-વિકસિત ભારત @૨૦૪૭ લક્ષ્ય માટે સક્ષમ બનાવશે. આ કાર્યકમમાં અમરેલી ચેમ્બર્સ ઓફ કોમર્સ અર્બનના પ્રમુખ મનોજભાઈ ભટ્ટ, અમરેલી સ્કેલ મેન્યુફેકચરિંગ એસોસિએશનના પ્રમુખ જયંતિભાઈ મકવાણા, શ્રીનાથજી જેમ્સના પ્રમુખ ધર્મેશભાઈ સોની, અમરેલી જિલ્લા ચેમ્બર્સ ઓફ કોમર્સ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, અમરેલી જિલ્લા ઉધોગ કેન્દ્ર જનરલ મેનેજર, જે.ડી. નિનામા, કવોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સંયુકત નિયામક મોહિતસિંહ, કવોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા પ્રાદેશિક કચેરીના સલાહકાર જગત પટેલ, એમ.એસ.એમ.ઈ.ના ઉધોગકાર ઉપસ્થિત રહ્યા હતા. તેમ અમરેલી જિલ્લા ઉધોગ કેન્દ્રનાં જનરલ મેનેજરએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## અમરેલી : નૂરાની માનવ સેવા ગ્રૂપ દ્વારા પ્રથમ 'ખતના કેમ્પ' યોજાયો




અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લામાં તા.૨૨/૧૨/૨૦૨૪ રવિવારના રોજ સીઝનના પ્રથમ ખતના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં રોજ ૫૦ જેટલા બાળકની ભાવનગરના પ્રખ્યાત ખતના જનાબ ડો.હનીફભાઈ લાખાણી, ડો. આદિલભાઈ લાખાણી સાહેબ કેમ્પમાં બાળકોની ખતના કરી હતી અને દરેક બાળકને ભેટ પણ આપવામાં આવી હતી. જેમાં નૂરાની માનવ સેવા ગ્રૂપના ખત્ના કેમ્પમાં કેમ્પ ઈન્ચાર્જ અસરફભાઈ ખનખન સાજીદભાઈ ઓઠા, અયુબભાઈ રઈસ, તન્જીલ ચૌહાણ, સકુભાઈ દલની, ફેજભાઈ પીરૂવાણી, અરમાન ચૌહાણ ટ્રસ્ટનાં સક્રિય કાર્યકર્તા મેમ્બર અને અમરેલી મુસ્લીમના તમામ સમાજનાં આગેવાનો હાજર રહયા હતા.

# અમરેલી જિલ્લાનાં ખેડૂતો માટે પ્રાકૃતિક સરગવાની ખેતી સમૃધ્ધિનાં દ્વાર ખોલી રહી છે






રાજયને આગામી ૫ વર્ષમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી તરફ લઈ જવા માટે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં મિશન મોડમાં પ્રયાસો થઈ રહ્યા છે. પ્રાકૃતિક ખેતી દ્વારા બાગાયત સહિતની અનેક મૂલ્યવર્ધક ખેતી થઈ શકે છે. અમરેલી જિલ્લાના કેટલાક ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી દ્વારા સરગવાની ખેતી કરી અને સકારાત્મક આર્થિક અને ખેતીલક્ષી પરિણામ મેળવ્યા છે. રાજયના રાજયપાલ આચાર્ય દેવવ્રતજી લિખિત પુસ્તક 'પ્રાકૃતિક ખેતી'માં સરગવાની ખેતી કરવાની પદ્ધતિ અને તેના ફાયદા વિશે માહિતી આપવામાં આવી છે. બાગાયતમાં સરગવાની ભૂમિકા મહત્વની છે, સરગવો ઝડપથી વિકસતું વૃક્ષ છે. તેના મૂળ મારફત પર્યાપ્ત માત્રામાં નાઈટ્રોજન પાડોશી ફળદાયી વૃક્ષોને પણ મળે છે. સરગવો એ મુખ્યત્વે ફળવાળા ઝાડને જરૂરી છાયો આપે છે અને પવન રોકે છે. સરગવાના ફાયદા : સરગવાના લીલા પાન અને સફેદ ફુલોનું શાક બને છે. સરગવાના પાન પાલતુ પશુઓને ખવડાવવામાં આવે છે, જે દુધાળા પ્રાણીઓનું દૂધ વધારે છે. ફેબ્રુઆરી-માર્ચ મહિનાના સમયગાળામાં સરગવા પર ફુલ આવે છે. એપ્રિલ-મે મહિનામાં તેના પર શીંગ લાગે છે. સરગવાની શીંગ વિટામીનનો ભંડાર છે. ૨.૫ ફૂટ સુધીની લંબાઈ ધરાવતી શીંગમાં માવો હોય છે. આ પુસ્તકમાં જણાવ્યા મુજબ સરગવાની ખેતીમાં પ્રતિ એકર ૧૦,૦૦૦-૫૦,૦૦૦ સુધીની ઉત્પાદન મૂલ્ય શરૂઆતથી મળે છે. એકવાર સરગવો લગાડવાથી ત્રણથી ચાર વર્ષ સુધી ઉત્પાદન મળે છે. સરગવાના પાંદડા, ડાળીઓ, છાલ અને બીજમાં પણ કૃમિનાશક ગુણ છે. પાંદડાના રસમાં સુક્ષ્મ જંતુનાશક તેમજ ફુગ નાશકનો ગુણ પણ હોય છે. પાણી શુદ્ધ કરવા સરગવાનાં બીજનો પાવડર અત્યંત ઉપયોગી સાબિત થઈ શકે છે સરગવાના બીજનો પાઉડર પાણી શુદ્ધ કરવા માટે ઉપયોગી છે અને નુકશાન રહિત જળ શોધક છે. સરગવાની અભિવૃદ્ધિ : સરગવાનો છોડ-બીજ વાવીને અથવા વૃક્ષની ડાળી કાપી અને તેને લગાવી તૈયાર કરી શકાય છે. ડાળી ૩ ફૂટ લાંબી અને ૫ થી ૬ સેમી પહોળી હોવી જોઈએ. બીજને ચોક્કસ જગ્યાએ બીજામૃતમાં સંસ્કાર કરીને લગાવો. રોપણી પહેલા ૨૪ કલાક માટે બીજને બીજામૃતમાં પલાળી રાખો. બે હરોળનું અંતર ૧૬ થી ૧૨ ફૂટ રાખવું. આ અંતર ફળઝાડ વૃક્ષ અથવા આંતરપાક ઉપર આધાર રાખે છે. સરગવાના વૃક્ષ પર શાખાઓ સતત વધતી જાય છે. જયાં સુધી સરગવાનું વૃક્ષ મુખ્ય ફળઝાડની ઉપર ૨ ફૂટ સુધી ન પહોંચે ત્યાં સુધી તેની ડાળીઓ તોડતા રહો જયારે તે નિશ્ચિત ઊંચાઈએ પહોંચી જાય પછી તેને ઉપર ફેલાવા દો. આ પ્રકારે વૃક્ષ મુખ્ય ફળઝાડને છાંયો આપશે. તોડેલી ડાળીઓનો ઉપયોગ આચ્છાદન માટે થાય છે. આમ, બહુમૂલ્ય ફાયદો ધરાવતો સરગવો પ્રાકૃતિક ખેતી દ્વારા બાગાયતમાં ખૂબ ઉપયોગી છે.




## શહેરની દોઢ લાખ જનતા ઘોંઘાટ અને ભયથી પરેશાન

# અમરેલીનું પાયલટ ટ્રેનિંગ સેન્ટર બંધ ન થાય તો આંદોલનની ચીમકી

### ચિતલ રોડનાં ૧૫ હજાર નાગરિકો ઉપર સવારથી મોડી રાત સુધી સતત ધણધણાટીનો માહોલ

### શહેરીજનોની શાંતિ બરબાદ કરનાર પાયલટ ટ્રેનિંગ સેન્ટર સામે રોષની આંધી

### જેનો ડર હતો તેવી ઘટના શાસ્ત્રીનગરમાં બનતાં તમામ શહેરીજનો બની ગયા ભયભીત

### અમરેલીનાં નગરસેવક સુરેશભાઈ શેખવાએ જિલ્લા કલેક્ટરને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૨૩

અમરેલીનાં દોઢ લાખ શહેરીજનોની શાંતિને ખલેલ પહોંચાડનાર પાયલટ ટ્રેનિંગ સેન્ટરનાં પાપે ગઈકાલે પ્લેન ક્રેશ થતાં એક તાલીમી પાયલટનું મોત થયું છે અને શહેરીજનોને અકસ્માતની દહેશતમાં ઘણા મહિનાઓથી જીવતા હતા તેવી ઘટના બનતાં હવે શહેરીજનોએ પાયલટ ટ્રેનિંગ સેન્ટર બંધ કરવાની માંગ કરી છે.

અમરેલીનાં વોર્ડ-૨ નાં ભાજપનાં નગરસેવક સુરેશભાઈ શેખવાએ જિલ્લા કલેકટરને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે, ગત તા. ૨૨/૪/૨૦૨૫ ને મંગળવારના રોજ ચિતલ રોડ વિસ્તારનાં શાસ્ત્રીનગર સોસાયટીમાં એક પ્રાઈવેટ કંપનીનું પ્લેન ક્રેશ થયું અને જેમાં એક પાયલટ અને બે પશુ મૃત્યુ પામેલ છે. જો કે સદનસીબે રહેણાંકનાં મકાન કે કોઈ ત્યાં વ્યકિત કે બાળકો ત્યાં હાજર હતા નહી જો હોત તો એમની પણ જાનહાની ચોકકસ થાત.

વધુમાં જણાવેલ છે કે, મારા વિસ્તારમાં આ પ્રાઈવેટ પ્લેનનો રનવે હોવાથી ત્યાં જ એ પ્લેન નીચી ઉડાન લેન્ડિંગ માટે તેમજ ટેકઓફ માટે કરવી પડે છે અને આસપાસમાં જયાં પણ આ પ્લેન ચકકર માટે છે ત્યાં બધે જ ગીચતાવાળો રહેણાંક વિસ્તાર છે. મારા મત ક્ષેત્રમાં આશરે ૨૫૦૦થી ૩૦૦૦ જેટલા રહેણાંક મકાન, સ્કૂલો તેમજ હોસ્પિટલો આવેલ છે. ૧૫,૦૦૦ જેટલી માનવવસ્તી ધરાવે છે જે હવે જોખમી હોય એવું લાગે છે. આ ટ્રેનિંગ સેન્ટર અને વિમાન ઉડાન અમારા વિસ્તારથી બંધ અને દૂર કરવામાં આવે.

વધુમાં જણાવેલ છે કે, જો આ ચોકકસ સમયમાં બંધ નહી કરાય તો વિસ્તારનાં સામાજિક, રાજકીય આગેવાનો તેમજ સોસાયટી પ્રમુખો તેમજ રહીશો ધ્વારા આ બાબત સામે કડક વલણ મજબુર થઈને કરવું પડશે અને લડત લડવી પડશે અને ગાંધી ચિંધ્યા અને ભગતસિંહના માર્ગે જઈશું અને જેની તમામ જવાબદારી જિલ્લાનાં મેજિસ્ટ્રેટ તરીકેની રહેશે તેમ અંતમાં જણાવેલ છે.

### એસપીની સુચનાથી એસઓજીનો સપાટો

## જાફરાબાદનાં ટીંબીમાંથી નિયમ વિરૂધ્ધ સ્ફોટક પદાર્થ ફટાકડાનું થતું વેચાણ ઝડપાયુ

### વધુ તપાસ નાગેશ્રી પોલીસે શરૂ કરી

અમરેલી, તા. ૨૩

નાગેશ્રી પોલીસ સ્ટેશન વિસ્તારના ટીંબી ગામેથી લાયસન્સ, ફાયર સેફટીના સાધનો વિનાસ્ફોટક પદાર્થ ફટાકડાનુ સંગ્રહ કરી વેચાણ કરી માનવજીંદગીને જોખમમાં મુકતા એક ઈસમને સ્ફોટક પદાર્થ ફટાકડાના જથ્થા સાથે પકડી પાડી અમરેલી એસ.ઓ.જી. ટીમે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

અમરેલી જીલ્લા ખાતે સ્ફોટક પદાર્થોના વેચાણ, સંગ્રહ અને ઉત્પાદન માટે સંબંધિત એકટની જોગવાઈઓનું

અનુસંધાન પાના ૬ ઉપર




### ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસનાં અગ્રણીનો આક્ષેપ

## અમરેલીમાં શરૂ થયેલ પાયલટ ટ્રેનીંગ સેન્ટરથી લાભ થવાને બદલે શહેરીજનોની પરેશાની વધી

### સ્થાનિક અનેક સમસ્યા અંગે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૨૩

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પુર્વ પ્રમુખ જેનીબેન ઠુંમરે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે. પત્રમાં જણાવેલ છે કે,

અમરેલી શહેરમાં ગીરીયા પાસે શાસ્ત્રીનગરમાં પાયલોટ ટ્રેનિંગ સેન્ટરનું મીની પ્લેન ક્રેશ થતાં ગમખ્વાર અકસ્માત થયેલછે. સરકાર દ્વારા પ્રાઈવેટ કંપનીને એરપોર્ટ ઓર્થોરીટી આપેલ છે જેનો ઉપયોગ ટ્રેનિંગ સેન્ટર

અનુસંધાન પાના ૬ ઉપર

### લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકોની વ્યાજબી માંગ પણ સંતોષાતી નથી

## દામનગરનાં ખોડિયારનગરનાં રહેવાસીઓ વર્ષોથી માર્ગની માંગ કરે છતાં પાલિકાનાં શાસકો કશુ જ કરતા નથી

### મળતીયાઓનાં દબાણ છાવરવા માટે શાસકો કરે છે ઠાગાઠૈયાનો આક્ષેપ



દામનગર, તા. ૨૩

દામનગર શહેરની સૌથી મોટી આર્થિક પછાત વસાહત ખોડિયાર નગરના રહેવાસીઓ અને ખેડૂતો વર્ષોથી પાલિકા તંત્ર સમક્ષ ટળી રહી છે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ના કાયદાની કલમ ૬૯થી ફરજિયાત જમીન સંપાદન ૧૮૯૪ અન્વયે તે જમીન પાલિકાને કંઈ પણ કામ માટે જોઈતી હોય તો પણ મોટી મિલકત આવતી હોય તો પણ રાજય સરકારના ખર્ચે ખરીદી તેને પાડીને પણ લોકોને રસ્તો આપવો પણ સ્થાનિક સત્તાધીશો દબાણદારોની ટેકેદાર હોય તો? હજારો ગરીબ પરિવારો અને અસંખ્ય ખેડૂતો કાયમી રેલવે ટ્રેક ઓળંગી અવરજવર કરવા મજબુર છે સત્તાધીશોના ચાર ટેકેદારોએ જાહેર રસ્તાની જમીન ઉપર છાપરા છાંયડા બનાવ્યા છે સરકારી રસ્તાની જમીન ઉપર દબાણ કરી સરકારી જમીન ઉપર દબાણ કરી સરકારને જ પક્ષકાર બનાવી સરકાર સામે જ દાવો કરી ન્યાય પાલિકાના અટવાડી પછી દેખાવ માટે ટેન્ડર દરખાસ્ત કરતા સત્તાધીશોનો ખેલ ખુલ્લો પડી ગયો અમે સતામાં છીએ ત્યાં સુધી ટેકેદારોનું દબાણ હટે નહિ પ્રોમિસ પાળી બતાવતા તંત્ર વાહકોએ ખોડિયારનગર અને ખેડૂતોને કાયમી રસ્તો નો મળે તે માટે અનેક રસ્તા અપનાવ્યા અત્યારે રસ્તા માટે દરખાસ્ત પ્રાદેશિક કમિશનર કચેરીમાંથી મંજુર થઈ એક કરોડ ઉપરનું બજેટ આવ્યું રસ્તા અંગે ટેન્ડર પણ આવ્યા મંજુર પણ થયું વર્ષોથી પાલિકાના તંત્ર વાહકો ગરીબ વસાહત અને ખેડૂતોને ટટળાવી રહ્યા છે રસ્તા ન હોય તથા પણ પોતાના કારખાના ઓથી પેવર બ્લોક રસ્તાઓ બનાવી દેતા સત્તાધીશો સામે ખોડિયારનગર અને ખેડૂતોના કાયમી રસ્તા મુદ્દે સરકાર રેવન્યુ રેલવે બધા હકારાત્મક રહ્યા પણ પાલિકા તંત્રને પેટમાં દુઃખી રહ્યું છે દબાણદારો ટેકેદાર છે રેલવે ટ્રેકની એક તરફ રસ્તો બની શકે તો બીજી તરફ કેમ નહિ ? આવા અનેક સવાલ ના જવાબ પાલિકાના સત્તાધીશો આપશે ? કેટલા વર્ષો સુધી ગરીબ પરિવારો અને લાચાર ખેડૂતોને ટટળાવશો ? રેલવે ગરનાળામાં વરસાદી પાણી ભરાય એટલે વાહનો અન્ય વિસ્તારોમાં રેઢા મૂકી રેલવે ટ્રેક

અનુસંધાન પાના ૬ ઉપર













*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)